PRNo.: SRT-687/2015-2017
Posted at : SURAT RMS / 2 on Dt.18-07-2017
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

## અંકના આકર્ષણ

page > 2-3
ડિગ્રી ઇજનેરીમાં કયા કોર્ષની ડિમાંડ વધી, કઇ કોલેજમાં કેટલી બેઠખો ખાલી પડી રહી તેની સઘળી વિગતો

page > 5
દ. ગુજરાતને પહેલી વહેલી ઇંગ્લિશ મિડીયમ આર્ટસ કોલેજ આપનારા કસબીઓ

page > 6
એક જાદુ કી ઝપ્પી બહુત બડી ચીઝ હોતી હૈ
રસપ્રદ વાંચન

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂા.૫૦૦/-
email : shikshansarvada@gmail.com

તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૫૬ ■ વર્ષ : ૧૧ ■ તા.૧૬ થી ૩૧, જુલાઇ ૨૦૧૭

પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૪૨૬૬-૪૪૯૪૪ ■ ફોન-ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

# શાળાઓ બેફામ નફાખોરી કરી શકે નહીં : સરકાર

સરકારના મહત્વકાંક્ષી ફી નિર્ધારણ કાયદાની બંધારણીયતાને પડકારતી હજારો શાળાની રિટ અરજીમાં રાજય સરકાર વતી એડવોકેટ જનરલ કમલભાઇ ત્રિવેદીએ ધારદાર દલીલો કરી હતી. તેમણે રજૂઆત કરી હતી કે,'શાળાના સંચાલકોને શિક્ષણની જગ્યાએ ફીની ચિંતા વધુ છે. શિક્ષણ એક પવિત્ર વ્યવસાય છે તે કોઇ ધંધો નથી કે સંચાલકો બેફામ નફાખોરી કરી શકે. સુપ્રીમ કોર્ટે પણ શિક્ષણ મોંઘું ના હોવું જોઇએ તેવું વલણ સ્પષ્ટ કર્યું છે, ત્યારે તેની એક ચોક્કસ મર્યાદા પણ હોવી જ જોઇએ.ખાનગી શાળાઓ દ્વારા બેફામ રીતે લેવાતી લાખો રૂપિયાની ફીની બદીને રોકવા રાજય સરકારે ફી નિર્ધારણ કાયદો અમલમાં મૂક્યો છે. જેની સામે અંદાજિત ત્રણ હજાર શાળાએ હાઇકોર્ટના દ્વાર ખખડાવ્યા છે અને કાયદો ગેરબંધારણીય જાહેર કરવાની દાદ માંગી છે.

ખાસ કરીને સીબીએસઇ સાથે સંકળાયેલી શાળાઓનું કહેવું છે કે તેમના માટેના કાયદા ઘડવાનો અધિકાર કેન્દ્ર સરકારની હુકૂમતનો વિષય છે, રાજય સરકારનો નહીં. બીજી તરફ કેટલીક એવી અરજી પણ કરાઇ છે કે ફી નિર્ધારણ સમિતિમાં વાલીઓને કે પ્રતિનિધિત્વ અપાયું નથી. આ રિટમાં અરજદારો તરફથી આ પ્રકારની દલીલો કરાઇ હતી. જયારે સોમવારે થયેલી સુનાવણીમાં રાજય સરકાર વતી એડવોકેટ જનરલે દલીલ કરી હતી કે,'રાજય સરકાર કોઇ પણ એક શાળાની ફી નક્કી કરતી નથી. તે તો માત્ર શાળાઓ પાસેથી તેમના ખર્ચ અને આવકની માહિતી મંગાવે છે. જો શાળાઓ તેમના ખર્ચ કરતા અનેક ગણા નાણાં ફી તરીકે વસૂલતા હોય તો તેમના ઉપર નિયંત્રણ મૂકવાની વાત છે. શિક્ષણનો વ્યવસાય ટ્રેડ કે કોમર્સની વ્યાખ્યામાં નથી આવતો કે સંચાલકો બેફામ નફાખોરી કરે. શાળા સંચાલકો દ્વારા તેમનો જે ખર્ચ દર્શાવાશે તેના આધારે સરકાર તેમની ફી મંજૂર કરવાની ભૂમિકા નિભાવશે. સરકારે માત્ર એક વ્યવસ્થા ભી કરી છે અને તેની સત્તા રાજય સરકારને છે.ફી નક્કી કરવાની સમિતિમાં જયુડિશિયલ સભ્ય મુદ્દે સરકાર તરફથી એવી સ્પષ્ટતા કરાઇ છે કે,'અન્ય કેટલાક કાયદાઓમાં આ સત્તા ડીઇઓને અપાઇ છે. ત્યારે તેને અયોગ્ય કહી શકાય નહીં.

## ફી નિર્ધારણ કાયદાને પડકારતી રિટમાં સરકાર વતી એડવોકેટ જનરલે કરી દલીલો

# મેડિકલ-પેરામેડિકલ માટે ૨૨,૦૦૦ વિદ્યાર્થી પ્રવેશ લાયક

સેન્ટ્રલ બોર્ડ દ્વારા લેવાયેલી નીટ ની સીડી આખરે મેડિકલ પ્રવેશ સમિતિને આપી દેવામાં આવી છે. જેના આધારે પ્રવેશ સમિતિ દ્વારા નીટ ની મેરિટયાદી જાહેર કરી દેવામાં આવી છે. હાલમાં નીટમાંથી જે રીતે સીડી આવી છે અને તેમાં વિદ્યાર્થીઓના જે પ્રકારે રેંક આવ્યા છે તે પ્રમાણે યાદી જાહેર કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ પ્રવેશ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવ્યા બાદ નવેસરથી મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવશે. આમછતાં આજે જાહેર કરાયેલા નીટ ના લીસ્ટમાં ૬૦૪૨૫ વિદ્યાર્થીઓની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાંથી મેડિકલડેન્ટલમાં પ્રવેશ માટેના કટ ઓફ પ્રમાણે અંદાજે ૨૨૯૭૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયક ઠરે તેમ છે. મેડિકલડેન્ટલ માટે નીટ લેવાયા બાદ તેનુ પરિણામ જાહેર થયા પછી પંજાબ, કર્ણાટક, આંધ્રપ્રદેશ વગેરે રાજયોમાં સ્ટેટ મેરિટ જાહેર કરી દેવાયુ છે. પરંતુ ગુજરાતનું મેરિટલિસ્ટ જાહેર ન થતાં વાલીઓમાં ભારે દ્વિધાભરી સ્થિતિ ઉભી થઇ હતી. કેટલાક વાલીઓએ આ મુદ્દે ઉચ્ચસ્તરે રજૂઆતો પણ કરી હતી. જેના અનુસંધાનમાં આજે પ્રવેશ સમિતિ દ્વારા નીટનું મેરિટલિસ્ટ જાહેર કરી દેવાયુ છે. ગુજરાતમાંથી જુદા જુદા બોર્ડના મળીને અંદાજે ૬૦૪૨૫ વિદ્યાર્થીઓએ નીટ આપી હતી. આ તમામ વિદ્યાર્થીઓનું લીસ્ટ જાહેર કરી દેવાયું છે. જેમાં ગેરહાજર રહેલા, પાસ ન થઇ શકનારા સહિતની તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. આ મેરિટયાદી બાદ હવે પ્રવેશ સમિતિ દ્વારા જે વિદ્યાર્થીઓ મેડિકલડેન્ટલમાં પ્રવેશ માટે લાયક ગુણ અને પર્સન્ટાઇલ ધરાવતાં હોય તેમને ઓનલાઇન અરજી કરવાની સૂચના આપવામાં આવશે. આગામી દિવસોમાં આ કાર્યવાહી શરૂ થયા બાદ મેડિકલડેન્ટલ માટેની ઓરિજનલ મેરિટલિસ્ટ જાહેર કરાશે.

### ઓપન કેટેગરીમાં ૧૧૬૫૮ વિદ્યાર્થીઓનો સમાવેશ

ઓપન કેટેગરીમાં કટ ઓફ માર્કસ ૭૨૦માંથી ૧૩૧ નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રમાણે ગણતરી કરીએ તો ઓપન કેટગરીના અંદાજે ૧૧૬૫૮ વિદ્યાર્થીઓનો પ્રવેશ માટે લાયક બને તેમ છે. જેમાં પહેલા ક્રમે આવનારા વિદ્યાર્થીને ૯૯.૯૯૭૫ પર્સન્ટાઇલ અને ૬૮૧ માર્કસ ધરાવે છે. ઓલ ઇન્ડિયામાં આ વિદ્યાર્થીનો ૨૩મો રેંક છે.

### એસ.ટી.કેટેગરીમાં ૧૪૪૫ વિદ્યાર્થીનો સમાવેશ

એસ.ટી.કેટેગરીમાં કટ ઓફ માર્કસ ૭૨૦માંથી ૧૦૭ નક્કી કરાયા છે. આ પ્રમાણે અંદાજે ૧૪૪૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તેમ છે. જેમાં પ્રથમ ક્રમે આવનારા વિદ્યાર્થીને ૯૮.૧૭ પર્સન્ટાઇલ અને ૫૫૯ માર્કસ ધરાવે છે.

### એસ.સી. કેટેગરીમાં ૧૮૬૯ વિદ્યાર્થીઓ !

નીટના મેરિટમાં એસ.સી. કેટેગરીમાં ૧૮૬૯ વિદ્યાર્થીનો સમાવેશ થાય તેમ છે. પહેલા ક્રમે આવનારા વિદ્યાર્થીને ૯૯.૯૮ પર્સન્ટાઇલ અને ૬૨૨ માર્કસ છે. જનરલ કેટેગરીમાં પહેલા ક્રમે આવનારા વિદ્યાર્થીનો ૪૧મો રેંક છે.

### ઓબીસીમાં ૭૯૯૮ વિદ્યાર્થીનો સમાવેશ

ઓબીસી કેટેગરીમાં કુલ ૭૯૯૮ વિદ્યાર્થીનો સમાવેશ થાય તેમ છે. પહેલા ક્રમે આવનારા વિદ્યાર્થીને ૬૦૬ માર્કસ અને ૯૯.૭૮ પર્સન્ટાઇલ છે. જનરલ કેટેગરીમાં આ વિદ્યાર્થીનો ૭૧મો ક્રમ છે.

### પાંચ કોર્સની ૭૫૦૦ બેઠકો માટે ૨૨,૦૦૦ વિદ્યાર્થીઓ !

નીટ મેરિટના આધારે મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથી અને નેચરોપેથી માં પ્રવેશ પ્રક્રિયા થવાની છે. દરેક કોર્સની બેઠકોની ગણતરી કરવામાં આવે તો અંદાજે ૭૫૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. જેની સામે પ્રવેશ માટે લાયક વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે ૨૨ હજાર જેટલી થાય તેમ છે. હવે પ્રવેશ સમિતિ દ્વારા દરેક વિદ્યાર્થીઓ પાસે ઓનલાઇન અરજી મંગાવીને મેરિટલિસ્ટ તૈયાર કરવામાં આવશે.

# IIM અમદાવાદને ત્રણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ૭.૫ કરોડનું દાન

## છેલ્લા ચાર વર્ષમાં IIM અમદાવાદને ૨૨૫ કરોડનું અંદાજિત દાન મળ્યું

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદના કન્ઝર્વેશન અને રિસ્ટોરેશનની પ્રક્રિયાના ભાગરૂપે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સમયાંતરે દાન આપે છે. છેલ્લા ચાર વર્ષમાં આ રકમ કુલ ૨૨૫ કરોડ સુધી પહોંચી છે. તેમાં બુધવારે અન્ય ત્રણ વિદ્યાર્થીઓ દ્વારા સવા સાત કરોડનું દાન આપવામાં આવ્યું છે. હાલ આરબીએલ બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને સીઇઓ તેમજ **IIM** અમદાવાદની પીજીપીની ૧૯૮૧ની બેચના વિદ્યાર્થી વિશ્વવીર આહુજા દ્વારા ક્લાસરૂમ૧ના રીસ્ટોરેશન માટે ૨.૫ કરોડનું દાન આપવામાં આવ્યું છે. જયારે ટેક્સી ફોર શ્યોર જેવી જાણીતી સર્વિસ શરૂ કરનાર પીજીપીની વર્ષ ૨૦૦૭૦૮ની બેચના વિદ્યાર્થીઓ રઘુનંદન જી અને અપ્રમેય આર બંનેએ વ્યક્તિગત રીતે ૨.૫ કરોડનું દાન આપ્યું છે, જે આઇઆઇએમના નવા કેમ્પસમાં ક્લાસરૂમ૨ને સ્ટેટ ઓફ આર્ટ ફેસિલિટીથી સજ્જ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ અંગે વાત કરતાં આઇઆઇએમના ડિરેક્ટર પ્રોફેસર આશિષ નંદાએ જણાવ્યું હતું કે, 'અમને અલગ અલગ રીતે દાન મળી રહ્યું છે, માત્ર રીસ્ટોરેશન માટે નહિ પણ કેમ્પસને વધુ આધુનિક સુવિધાથી સજ્જ કરવા માટે પણ અમે તેનો ઉપયોગ કરી રહ્યા છીએ. જેમકે રઘુનંદન અને અપ્રમેય તરફથી મળી રહેલી રકમ નવા કેમ્પસ માટે ઉપયોગમાં લેવાશે, જયારે વિશ્વવીર આહુજા દ્વારા મળેલી રકમ ક્લાસરૂમ૧ માટે. આ જ રીતે ૧૯૯૨ની બેચ દ્વારા ક્લાસરૂમ૪ માટે દાન મળ્યું છે. તેમજ એક વ્યક્તિ તરફથી ક્લાસરૂમ ૩ માટે દાન મળ્યું છે. અત્યાર સુધીમાં કુલ રકમ ૨૨૫ કરોડ સુધી પોહોંચી છે.આ દાન આપતાં વિશ્વવીર આહુજાએ જણાવ્યું હતું કે, 'આટલી મોટી રકમમાં જે દાન મળી રહ્યું છે, તેમાં પ્રોફેસર નંદાની મોટી ભૂમિકા છે, તેમણે દેશ વિદેશમાં ફરીને અનેક લોકોને મળીને આ દાન કરવા માટે પ્રેર્યા છે. આ દાન પાછળનો હેતુ દુનિયામાં ફેલાયેલા આઇઆઇએમના વિદ્યાર્થીઓને આગળ આવવા પ્રેરણા મળે તેવો છે.જયારે અપ્રમેય અને રઘુનંદને જણાવ્યુ હતું કે, 'અમે બંને લોન લઇને ભણ્યા છીએ, અમને લોન પણ એટલા માટે મળી કારણ કે, અમે દેશના યુવાનો માટેની ડ્રીમ ઇન્સ્ટિટ્યૂટ આઇઆઇએમમાં અભ્યાસ કરવા માટે લીધેલી. બાકી અમને આ લોન પણ ન મળી હોત. હવે પાસ થઇને અમે આ સંસ્થાને મદદ કરી શકીએ એ અમારા માટે સપના જેવી વાત છે. જેથી અમારા પછી આવનારા વિદ્યાર્થીઓને અમારા કરતા સારી સુવિધા મળી રહે.

# ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટમાં NRI ક્વોટામાં પ્રવેશ લેશો તો રદ થશે

રાજ્યની સેલ્ફફાઇનાન્સ અને પ્રાઇવેટ કોલેજો અને યુનિવર્સિટીએ પોતાની મેનેજમેન્ટ અને એનએઆરઆઇ બેઠકોમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ કરી છે. જેમને મંજુરી છે તેવી સંસ્થાઓ ઉપરાંત કેટલીક યુનિવર્સિટીઓને આ પ્રકારની મંજુરી ન હોવાછતાં વિદ્યાર્થીઓ પાસેથી એનઆરઆઇ બેઠકો માટે ફોર્મ લેવાનું શરૂ કરાયુ છે. આવી જ એક સંસ્થા અંગે રાજ્યની ઇજનેરી પ્રવેશ સમિતિ દ્વારા વેબસાઇટ પર જાહેર નોટિસ મુકીને એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટિટયુટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી (ડીએઆઇઆઇસીટી) ખાતે ધો.૧૨ પછીના ડિગ્રી ઇજનેરીના અભ્યાસક્રમમાં એનઆરઆઇ ક્વોટામાં પ્રવેશ કાર્યવાહી ચાલી રહી છે. રાજય સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર આ સંસ્થાને એનઆરઆઇ ક્વોટામાં એડમીશનની કોઇ જોગવાઇ નથી. આથી આ ક્વોટામાં જે વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ રદ થવાને પાત્ર છે. એટલે કે આ સંસ્થાને એનઆરઆઇ ક્વોટાની બેઠકો ભરવાની મંજુરી આપવામાં આવી ન હોવાછતાં તેઓએ પોતાની રીતે બારોબાર વિદ્યાર્થીઓ પાસેથી એનઆરઆઇ ક્વોટામાં પ્રવેશ માટે ફોર્મ ભરાવીને પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

# ડિગ્રી એન્જિનિયરિંગમાં કયા કોર્સમાં કેટલી સીટો ભરાઇ? ડેટા પરથી ખબર પડી જશે કે કઇ બ્રાન્ચ ડિમાંડમાં છે

ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES
Branchwise Filled status after round 1 - BE/BTech

| Sr No. | Branch Name | Total | Allotted | Vacant | % Filled |
|---|---|---|---|---|---|
| 1 | TEXTILE PROCESSING ENGG. | 60 | 60 | 0 | 100 |
| 2 | FOOD PROCESSING & TECHNOLOGY | 75 | 75 | 0 | 100 |
| 3 | PRODUCTION ENGINEERING | 323 | 323 | 0 | 100 |
| 4 | METALLURGY | 60 | 60 | 0 | 100 |
| 5 | INDUSTRIAL ENGINEERING | 30 | 30 | 0 | 100 |
| 6 | POWER ELECTRONICS | 120 | 120 | 0 | 100 |
| 7 | AEROUNITCAL ENGINEERING | 263 | 263 | 0 | 100 |
| 8 | MINING ENGINEERING | 180 | 180 | 0 | 100 |
| 9 | WATER MANAGEMENT | 30 | 30 | 0 | 100 |
| 10 | RUBBER TECHNOLOGY | 30 | 30 | 0 | 100 |
| 11 | TEXTILE TECHNOLOGY | 135 | 135 | 0 | 100 |
| 12 | Computer Science & Engineering (Big Data & Analysis) | 45 | 45 | 0 | 100 |
| 13 | Civil & Infrastructure Engineering | 45 | 45 | 0 | 100 |
| 14 | Chemical Technology | 50 | 50 | 0 | 100 |
| 15 | Environmental Science & Technology | 50 | 50 | 0 | 100 |
| 16 | Petrolium Technology | 60 | 60 | 0 | 100 |
| 17 | Hons. in ICT with Minor in Computational Sciences (CS) | 29 | 29 | 0 | 100 |
| 18 | Plastic Technology | 30 | 30 | 0 | 100 |
| 19 | Computer Science & Engineering (Mobile Applications) | 15 | 15 | 0 | 100 |
| 20 | Computer Science & Engineering (Cloud Based Applications) | 30 | 30 | 0 | 100 |
| 21 | METALLURGICAL AND MATERIALS ENGINEERING | 40 | 40 | 0 | 100 |
| 22 | PLASTIC ENGINEERING | 60 | 58 | 2 | 96.66667 |
| 23 | ENVIRONMENTAL ENGINEERING | 315 | 300 | 15 | 95.2381 |
| 24 | COMPUTER ENGINEERING- Shift 2 | 336 | 302 | 34 | 89.88095 |
| 25 | CHEMICAL ENGINEERING | 2133 | 1874 | 259 | 87.85748 |
| 26 | INFORMATION & COMMUNICATION TECHNOLOGY | 406 | 348 | 58 | 85.71429 |
| 27 | BIOMEDICAL ENGINEERING | 248 | 212 | 36 | 85.48387 |
| 28 | INFORMATION TECHNOLOGY | 3870 | 3178 | 692 | 82.11886 |
| 29 | INSTRUMENTATION & CONTROL ENGG. | 881 | 711 | 170 | 80.70375 |
| 30 | COMPUTER ENGINEERING | 6803 | 5476 | 1327 | 80.4939 |
| 31 | COMPUTER SCIENCE & ENGG | 1590 | 1247 | 343 | 78.42767 |
| 32 | Metallurgical Engineering | 51 | 37 | 14 | 72.54902 |
| 33 | ELECTRONICS | 165 | 112 | 53 | 67.87879 |
| 34 | TEXTILE ENGINEERING | 90 | 52 | 38 | 57.77778 |
| 35 | MARINE ENGINEERING | 28 | 16 | 12 | 57.14286 |
| 36 | ELECTRONICS & COMMUNICATION ENGG. | 4425 | 2522 | 1903 | 56.99435 |
| 37 | CIVIL ENGINEERING | 9452 | 5072 | 4380 | 53.6606 |
| 38 | Robotics and Automation | 60 | 32 | 28 | 53.33333 |
| 39 | AUTOMOBILE ENGINEERING | 1991 | 1021 | 970 | 51.28076 |
| 40 | MECHATRONICS | 323 | 163 | 160 | 50.4644 |
| 41 | Agriculture Engineering | 157 | 77 | 80 | 49.04459 |
| 42 | MECHANICAL ENGINEERING | 11759 | 5615 | 6144 | 47.75066 |
| 43 | COMPUTER SCIENCE & ENGG- Shift 2 | 105 | 48 | 57 | 45.71429 |
| 44 | BIO-TECHNOLOGY | 90 | 37 | 53 | 41.11111 |
| 45 | ELECTRICAL ENGINEERING | 7367 | 3026 | 4341 | 41.07506 |
| 46 | CIVIL ENGINEERING- Shift 2 | 456 | 164 | 292 | 35.96491 |
| 47 | Computer Engineering (Cloud Tech. & Information Security) | 45 | 13 | 32 | 28.88889 |
| 48 | Electrical Engineering- Shift 2 | 375 | 108 | 267 | 28.8 |
| 49 | Nano Technology | 120 | 26 | 94 | 21.66667 |
| 50 | Mechanical Engineering- Shift 2 | 1695 | 267 | 1428 | 15.75221 |
| 51 | Manufacaturing Engineering | 60 | 8 | 52 | 13.33333 |
| 52 | ELECTRICAL & ELECTRONICS | 90 | 8 | 82 | 8.888889 |

# ફાર્મસીના અચ્છે દિનઃ મોક રાઉન્ડમાં ૪૨૭૭ બેઠક ફુલ

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ પ્રક્રિયાનો પહેલા રાઉન્ડ પુરો થયા બાદ હાલમા ફાર્મસીમાં મોક રાઉન્ડ માટે વિદ્યાર્થીઓને ચોઇસ આપવાની સૂચના આપવામાં આવી હતી. આ મોક રાઉન્ડનું પરિણામ જાહેર કરી દેવાયું છે. સામાન્ય રીતે મોક રાઉન્ડમાં પણ બેઠકો ખાલી પડતી હોય છે. પરંતુ આ વખતે મોકરાઉન્ડમાં તમામ ૪૨૭૭ બેઠકો ભરાઇ ગઇ છે. એટલું જ નહીં, ૫ હજારથી વધારે વિદ્યાર્થીઓએ પ્રવેશ વંચિત રહેવું પડે તેવી સ્થિતિ ઉભી થઇ છે.

ફાર્મસી કોલેજોમાં કુલ ૪૨૭૭ બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકમાં પ્રવેશ રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જેમાં ૧૧૩૧૧ વિદ્યાર્થીઓએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યુ હતુ. પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલા મેરિટલીસ્ટમાં ૧૧૨૩૪ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો હતો. મેરિટમાં સામેલ વિદ્યાર્થીઓને ચોઇસ ફીલીંગ કરવાની સૂચના આપવામાં આવી હતી. જેમાં ૯૫૫૦ વિદ્યાર્થીઓએ મોકરાઉન્ડમાં ભાગ લીધો હતો. જેના આધારે કુલ ૪૨૭૭ વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરવમાં આવી હતી. હવે વિદ્યાર્થીઓને તા.૧૨મીથી તા.૧૭મી જુલાઇ વચ્ચે પહેલા રાઉન્ડ માટે ચોઇસ ફીલિંગ કરવાની સૂચના આપવામાં આવી છે. જેનું પરિણામ તા.૨૦મી જુલાઇએ જાહેર કરાશે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે સામાન્ય રીતે અત્યાર સુધી ફાર્મસીની બેઠકો ખાલી પડતી હતી. પરંતુ આ વખતે બી ગ્રુપમાં પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોવાથી પેરા મેડિકલમાં જવા ન ઇચ્છતાં વિદ્યાર્થીઓએ ફાર્મસી કરવાનું પસંદ કરતાં ધસારો જોવા મળી રહ્યો છે. ડિગ્રી ઇજનેરીમાં પણ બેઠકો ખાલી પડી રહી છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓને ફાર્મસીમાં હવે નોકરી મળે તેવી તકો લાગતાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ફાર્મસીના પ્રવેશમાં ઝુકાવ્યુ છે. મેડિકલની પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય પછી પણ ફાર્મસીમાં કોઇ મોટો તફાવત આવે તેમ નથી. પહેલી વખત ફાર્મસી કોલેજોની તમામ બેઠકો ફુલ થાય તેવું લાગી રહ્યું છે.

## દર વર્ષે ફાર્મસીમાં બેઠકો ખાલી પડતી તેના બદલે ૪૨૭૭ બેઠકો સામે ૯૫૫૯ વિદ્યાર્થીઓએ ચોઇસ આપી

# MBA-MCAની ૧૫૨૮૦ બેઠકો સામે ૫૬૦૦ રજિસ્ટ્રેશન

એમબીએ-એમસીએ કોલેજોમાં પ્રવેશ માટે આજે ઓનલાઇન રજિસ્ટ્રેશન અને ડોક્યુમેન્ટ ચકાસણીનો આજે છેલ્લો દિવસ હતો. જેમાં ચાલુવર્ષે માત્ર ૫૬૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ હતુ. ગતવર્ષે અંદાજે ૬ હજાર વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ હતુ. જેની સામે ચાલુ વર્ષે ઓછા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવતાં મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઉભી થઇ છે.

એમબીએ-એમસીએ કર્યા પછી નોકરીઓની ઘટી રહેલી તકોના કારણે છેલ્લા ત્રણ વર્ષથી મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડી રહી છે. હાલમાં એમબીએની ૧૧૦ કોલેજોમાં ૯૮૧૦ અને એમસીએની ૬૮ કોલેજોમાં ૫૪૭૦ અને એમસીએ લીટરરમાં ૬૮ કોલેજોમાં ૭૧૦૦ બેઠકો ઉપલબ્ધ છે.

આમ ત્રણે કોર્સની બેઠકોની ગણતરી કરવામા આવે તો અંદાજે ૨૨૩૮૦ બેઠકો છે. આ બેઠકો માટે તા.૨૭મી જૂનથી ૩ જુલાઇ વચ્ચે કરાયેલા પીન વિતરણ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં માત્ર ૫૯૬૩ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે. જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ તે તમામને પ્રવેશ આપી દેવામાં આવે તો પણ ૧૬ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેમ છે. માત્ર એમબીએ-એમસીએના કોર્સની બેઠકો ગણવામાં આવે તો ૧૫૨૮૦ જેટલી બેઠકો થાય તેમ છે. તમામ વિદ્યાર્થીઓ માત્ર એમબીએ-એમસીએમાં જ પ્રવેશ લેશે તેવુ માની લઇએ તો પણ ૧૦ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેમ છે. આમ, પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ કુલ બેઠકો પૈકી ૧૫ હજાર બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઉભી થઇ છે.

## મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ : ગત વર્ષે છહજાર છાત્રોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું

# ડિપ્લોમાથી ડીગ્રીમાં સીધા પ્રવેશની ૪૮ હજાર બેઠકો માટે ૧૪ હજાર છાત્રોનું રજિસ્ટ્રેશન

ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય દિવસથી ચાલતી ઓનલાઇન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા આજે પૂર્ણ થઇ ચુકી છે. જેમાં ૪૮ હજાર બેઠકો માટે માત્ર ૧૪૨૭૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે. આમ, પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ ૩૨ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઉભી થઇ છે. જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે તેનુ મેરિટલીસ્ટ આગામી તા.૨૪મીએ જાહેર કરાશે. ડિપ્લોમા ઇજનેરી પાસ થયેલા વિદ્યાર્થીઓને ડિગ્રી ઇજનેરીના બીજા વર્ષમાં સીધો પ્રવેશ આપવામાં આવે છે. ગતવર્ષે ડિપ્લોથી ડિગ્રી માટેની ૪૨ હજાર બેઠકો ઉપલબ્ધ હતી. જે વધીને આ વખતે અંદાજે ૪૮ હજાર જેટલી બેઠકો થઇ છે. આ બેઠકો પર પ્રવેશ માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન પૂર્ણ થઇ ચુક્યુ છે. પ્રવેશ સમિતિ દ્વારા કુલ ૧૬૦૭૯ પીન વિતરણ કરવામાં આવ્યુ હતુ. જે પૈકી ૧૪૨૭૫ વિદ્યાર્થીઓએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લીધુ છે. રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ડોક્યુમેન્ટ વેરીફિકેશન કરવાનું હોય છે. હાલમાં ૧૩૪૦૪ વિદ્યાર્થીઓએ પોતાના ડોક્યુમેન્ટ વેરીફિકેશન પણ કરાવી લીધુ છે. સામાન્ય રીતે દરવર્ષે ડિગ્રી ઇજનેરીની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જેટલી બેઠકો ખાલી પડે તે નિયમ પ્રમાણે ડિપ્લાથી ડિગ્રી પ્રવેશમાં કેરી ફોરવર્ડ થતી હોય છે. આ પ્રમાણે દરવર્ષે ફોરવર્ડ થવાના કારણે બેઠકો સતત વધતી જાય છે. જેની સામે વિદ્યાર્થીઓ ઘટતા જાય છે. ગતવર્ષે ૨૨ હજારથી વધારે બેઠકો ખાલી પડી હતી. આ વખતે જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે તે તમામ ડિગ્રી ઇજનેરીમાં પ્રવેશ મેળવે તો પણ ૩૦ હજારથી વધારે બેઠકો ખાલી પડી તેમ છે. અગાઉ ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ લેવા માટે પુરતી બેઠકો ન હોવાના કારણે વિદ્યાર્થીઓએ ડોનેશન આપવુ પડતુ હતુ. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે આજ રીતે ડિગ્રી ઇજનેરીમાં બેઠકો ખાલી પડતી રહેશે તો ડિપ્લોમાથી ડિગ્રીમા ટ્રાન્સફર થવાના કારણે ડી ટુ ડીની બેઠકોમાં પણ સતત વધારો થતો રહેશે.

# ડિગ્રી એન્જિનિયરિંગની કઇ કોલેજની બેઠકો ભરાઇ અને ક્યાં ખાલી ?

ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES
INSTITUTE WISE FILLED POSITION BE- ROUND 1

| Sr No. | Institute Type | Inst_Name | Total | Allotted | Vacant | % Filled |
|---|---|---|---|---|---|---|
| 1 | GOVT | L.D.College Of Engineering, Ahmedabad | 1197 | 1197 | 0 | 100 |
| 2 | GOVT | L.E.College ,Morbi | 535 | 535 | 0 | 100 |
| 3 | GOVT | Shantilal Shah Engineering College ,Bhavnagar | 756 | 756 | 0 | 100 |
| 4 | GOVT | Government Engineering College, Modasa | 882 | 882 | 0 | 100 |
| 5 | GOVT | Vishwakarma Government Engineering College, Chandkheda,Gandhinagar | 756 | 756 | 0 | 100 |
| 6 | GOVT | Government Engineering College, Bhuj | 756 | 756 | 0 | 100 |
| 7 | GIA | Faculty Of Technology & Engineering(MSU), Vadodara | 599 | 599 | 0 | 100 |
| 8 | GIA | Birla Vishvakarma Maha Vidhyalaya(Gia), V.V.Nagar | 457 | 457 | 0 | 100 |
| 9 | GIA | Faculty Of Technology And Engineering(GIA), Dharmsinh Desai University, (DDU), Nadiad | 261 | 261 | 0 | 100 |
| 10 | GOVT | Government Engineering College, Patan | 504 | 504 | 0 | 100 |
| 11 | GOVT | Government Engineering College, Bhavnagar | 567 | 567 | 0 | 100 |
| 12 | GOVT | Government Engineering College, Valsad | 441 | 441 | 0 | 100 |
| 13 | GOVT | Government Engineering College, Bharuch | 504 | 504 | 0 | 100 |
| 14 | GOVT | Government Engineering College, Dahod | 504 | 504 | 0 | 100 |
| 15 | GOVT | Government Engineering College, Sector 28 Gandhinagar | 630 | 630 | 0 | 100 |
| 16 | GOVT | DR. S & S.S.Ghandhi Government Engineering College Surat | 315 | 315 | 0 | 100 |
| 17 | GOVT | Government Engineering College, Rajkot | 567 | 567 | 0 | 100 |
| 18 | GOVT | Government Engineering College, Godhra | 252 | 252 | 0 | 100 |
| 19 | GOVT | Government Engineering College, Palanpur | 252 | 252 | 0 | 100 |
| 20 | SFI | Institute Of Technology, Nirma University Of Science & Technology, Ahmedabad | 441 | 441 | 0 | 100 |
| 21 | SFI | Sarvajanik College Of Engg. & Tech. , Surat | 480 | 480 | 0 | 100 |
| 22 | SFI | G.H.Patel College Of Engg. & Tech. , V. V. Nagar | 431 | 431 | 0 | 100 |
| 23 | SFI | Sardar Vallabhbhai Patel Institute Of Tech.,Vasad | 624 | 624 | 0 | 100 |
| 24 | SFI | Faculty Of Technology(Sfi), Dharmsinh Desai University, Nadiad | 424 | 424 | 0 | 100 |
| 25 | SFI | Chandubhai S Patel Institute Of Technology, Changa | 576 | 576 | 0 | 100 |
| 26 | SFI | A.D.Patel Institute Of Tech.,Karamsad | 432 | 432 | 0 | 100 |
| 27 | SFI | Birla Vishvakarma Maha Vidhylaya(Sfi), V.V.Nagar | 144 | 144 | 0 | 100 |
| 28 | SFI | L.D.R.P. Institute Of Tech. & Research., Gandhinagar | 756 | 756 | 0 | 100 |
| 29 | SFI | L.J. Institute Of Engg And Tech., Ahmedabad | 918 | 918 | 0 | 100 |
| 30 | SFI | School of Engineering and Applied Science, Ahmedabad University, Ahmedabad | 87 | 87 | 0 | 100 |
| 31 | SFI | Dhirubhai Ambani Institute of Info. & Comm. Tech., Gandhinagar | 150 | 150 | 0 | 100 |
| 32 | SFI | Pandit Deendayal Petroleum University ,Gandhinagar | 347 | 347 | 0 | 100 |
| 33 | SFI | Institute of Infrastructure,Technology,Research and Management(IITRAM),Ahmedabad | 99 | 99 | 0 | 100 |
| 34 | SFI | ADANI INSTITUTE OF INFRASTRUCTURE ENGINEERING,AHMEDABAD | 144 | 144 | 0 | 100 |
| 35 | SFI | SCHOOL OF TECHNOLOGY, GSFC UNIVERSITY, VADODARA | 144 | 144 | 0 | 100 |
| 36 | SFI | Ganpat University, Institute of Computer Tech., Kherva, Mehsana | 128 | 128 | 0 | 100 |
| 37 | SFI | Devang Patel Institute of Advance Technology And Research, Changa | 144 | 144 | 0 | 100 |
| 38 | SFI | Babaria Institute Of Technology,Varnama,Vadodara | 681 | 672 | 9 | 98.67841 |
| 39 | SFI | ADITYA SILVER OAK INSTITUTE OF TECHNOLOGY AHMEDABAD | 384 | 377 | 7 | 98.17708 |
| 40 | SFI | Indus Institute Of Tech. & Engg., Racharda, Ahmedabad | 607 | 593 | 14 | 97.69357 |
| 41 | SFI | C. K. Pithawala College Of Engg. & Tech., Surat | 342 | 334 | 8 | 97.66082 |
| 42 | SFI | Shri Swami Atmanand Saraswati Institute Of Tech., Surat | 336 | 311 | 25 | 92.55952 |
| 43 | SFI | SCHOOL OF SCIENCE & ENGINEERING., Navrachana University, Vadodara | 192 | 176 | 16 | 91.66667 |
| 44 | SFI | Institute of Advanced Research, Gandhinagar | 95 | 87 | 8 | 91.57895 |
| 45 | SFI | SAL ENGINEERING &TECHNICAL INSTITUTE, SOLA, AHMEDABAD | 285 | 259 | 26 | 90.87719 |
| 46 | SFI | V.V.P. Engineering College, Rajkot | 599 | 542 | 57 | 90.48414 |
| 47 | SFI | APOLLO INSTITUTE OF ENGINEERING & TECHNOLOGY AHMEDABAD | 282 | 251 | 31 | 89.00709 |
| 48 | SFI | Ahmedabad Institute Of Tech, Ahmedabad | 525 | 465 | 60 | 88.57143 |
| 49 | SFI | Amiraj College Of Engg & Tech., Sanand, Ahmedabad | 96 | 81 | 15 | 84.375 |
| 50 | SFI | GYANMANJARI INSTITUTE OF TECHNOLOGY Bhavnagar | 240 | 197 | 43 | 82.08333 |
| 51 | SFI | Silver Oak College Of Engg., & Tech., Ahmedabad | 999 | 797 | 202 | 79.77978 |
| 52 | SFI | Parul Institute of Engineering & Technology, Waghodia, Vadodara | 816 | 651 | 165 | 79.77941 |
| 53 | SFI | Gandhinagar Institute Of Technology, Moti Bhoyan, Kalol, Gandhinagar | 744 | 587 | 157 | 78.89785 |
| 54 | SFI | Faculty Of Engg., Tech. & Research (FETR), Bardoli | 350 | 272 | 78 | 77.71429 |
| 55 | SFI | Chhotubhai Gopalbhai Patel Institute Of Tech., Tarsadi, Bardoli | 816 | 617 | 199 | 75.61275 |
| 56 | SFI | P.P. Savani School of Engineering, P.P. Savani University, Kosamba | 378 | 282 | 96 | 74.60317 |
| 57 | SFI | Bhagwan Arihant Institute of Tech., Surat | 312 | 228 | 84 | 73.07692 |
| 58 | SFI | Parul Institute of Technology, Waghodia, Vadodara | 740 | 529 | 211 | 71.48649 |
| 59 | SFI | Shri Sadvidhya Mandal Institute Of Tech., Bharuch | 464 | 327 | 137 | 70.47414 |
| 60 | SFI | Shri Sitaram N Patel Inst. Of Tech. & Res. (Vidhyabharti Trust), Umrakh | 429 | 301 | 128 | 70.16317 |
| 61 | SFI | Smt. S.R. Patel Engg. College, Dabhi, Unjha | 144 | 101 | 43 | 70.13889 |
| 62 | SFI | Ganpat University, U.V.Patel College of Engineering, Kherva, Mehsana | 507 | 354 | 153 | 69.82249 |
| 63 | SFI | Gujarat Power Engg. And Res. Inst. (Gperi) (Ppp), Mevad, Mehsana | 249 | 170 | 79 | 68.27309 |
| 64 | SFI | Shroff S.R.Rotary Inst. Of Chemical Technology, Vatatia,Bharuch | 267 | 181 | 86 | 67.79026 |
| 65 | SFI | Sal College Of Engineering , Ahmedabad | 574 | 388 | 186 | 67.59582 |
| 66 | SFI | Marwadi Edu. Foundation Group Of Institutions, Faculty Of Tech., Rajkot | 543 | 353 | 190 | 65.00921 |
| 67 | SFI | Darshan Institute Of Engg. & Tech., Rajkot-Morbi Highway, Hadala | 474 | 303 | 171 | 63.92405 |
| 68 | SFI | Marwadi Edu. Foundation Group Of Institutions, Faculty Of Engg., Rajkot | 621 | 395 | 226 | 63.60709 |
| 69 | SFI | Sal Institute Of Tech. & Engg. Research, Ahmedabad | 955 | 605 | 350 | 63.35079 |
| 70 | SFI | Knowledge Institute of Technology and Engineering, Bakrol, Anand | 234 | 147 | 87 | 62.82051 |
| 71 | SFI | SARDAR PATEL COLLEGE OF ENGINEERING, BAKROL ANAND | 384 | 233 | 151 | 60.67708 |
| 72 | SFI | Vadodara Institute of Engineering, Kotambi, Waghodiya, Vadodara | 423 | 243 | 180 | 57.44681 |
| 73 | SFI | Dr. Jivraj Mehta Institute Of Technology, Anand | 272 | 153 | 119 | 56.25 |
| 74 | SFI | Central Institue Of Plastics Engg. & Tech., Vatva, Ahmedabad | 123 | 69 | 54 | 56.09756 |
| 75 | SFI | Atmiya Institute of Technology & Science, Rajkot | 657 | 354 | 303 | 53.88128 |
| 76 | SFI | Marwadi Education Foundation - Faculty Of Pg Studies & Res. In Engg. & Tech., Rajkot | 141 | 75 | 66 | 53.19149 |
| 77 | SFI | SHREE SWAMINARAYAN INSTITUTE OF TECHNOLOGY, BHAT, GANDHINAGAR | 234 | 123 | 111 | 52.5641 |
| 78 | SFI | ITM Universe ( Institute of Technology & Management Universe) Paladi, Halol Highway, Vadodara | 561 | 280 | 281 | 49.91087 |
| 79 | SFI | GIDC Degree Engineering College, Abrama, Navsari | 435 | 215 | 220 | 49.42529 |
| 80 | SFI | Bhagwan Mahavir College Of Engg. And Tech., Surat | 744 | 353 | 391 | 47.44624 |
| 81 | SFI | Alpha College Of Engg. & Tech., Khatraj, Kalol | 420 | 191 | 229 | 45.47619 |
| 82 | SFI | Madhuben & Bhanubhai Patel Women Institute Of Engg. For Studies And Res. in Computer & Communication Technology, New V.V.Nagar | 330 | 148 | 182 | 44.84848 |
| 83 | SFI | Shankersinh Vaghela Bapu Institute Of Tech., Unava, Gandhinagar | 372 | 163 | 209 | 43.8172 |
| 84 | SFI | S.S.AGRAWAL INSTITUTE OF ENGINEERING & TECHNOLOGY NAVSARI | 231 | 101 | 130 | 43.72294 |
| 85 | SFI | Hasmukh Goswami College Of Engg, Vahelal | 600 | 258 | 342 | 43 |
| 86 | SFI | Aadishwar College of Technology - Venus | 730 | 310 | 420 | 42.46575 |
| 87 | SFI | AARYA-VEER COLLEGE OF ENGINEERING & TECHNOLOGY RAJKOT | 138 | 57 | 81 | 41.30435 |
| 88 | SFI | Sankalchand Patel College Of Engg., Visnagar | 440 | 173 | 267 | 39.31818 |
| 89 | SFI | K.J. Institute Of Engg. And Tech., Savali | 468 | 183 | 285 | 39.10256 |
| 90 | SFI | S.P.B. Patel Engg. College, (Saffrony), Linch, Mehsana | 366 | 142 | 224 | 38.79781 |
| 91 | SFI | Laxmi Institute Of Technology, Sarigam, Valsad | 426 | 163 | 263 | 38.26291 |
| 92 | SFI | R.K. University - School of Engineering, Rajkot | 525 | 192 | 333 | 36.57143 |
| 93 | SFI | School of Engg. & App. Sciences,Rai University,Dholka, Ahmedabad | 535 | 194 | 341 | 36.26168 |
| 94 | SFI | Faculty of Engineering, Automobile & Information Technology, ITM Vocational University, Waghodia, Dist: Vadodara | 274 | 99 | 175 | 36.13139 |
| 95 | SFI | Mahatma Gandhi Inst.Of Technical Edu. And Research Center,Navasari | 555 | 186 | 369 | 33.51351 |
| 96 | SFI | Pacific School Of Engineering, Surat | 420 | 140 | 280 | 33.33333 |
| 97 | SFI | Narnarayan Shastri Institute of Technology, Jetalpur, Ahmedabad | 321 | 106 | 215 | 33.02181 |
| 98 | SFI | Neotech Institute of Technology, Virod, Vadodara | 366 | 119 | 247 | 32.51366 |
| 99 | SFI | F.D. (Mubin) Degree College of Engg., Bahiyal, Dahegam | 306 | 95 | 211 | 31.04575 |

# સેમેસ્ટર સિસ્ટમ નાબૂદ થતાં જ સાયન્સ ટ્યૂશનના ભાવો વધ્યા

રાજય સરકારે સાયન્સ સહિત ધોરણ૯થી ૧૨માં સેમેસ્ટર સિસ્ટમ રદ કરી દેતા ધોરણ૧૧ અને ધોરણ૧૨ સાયન્સમાં પણ સેમેસ્ટર સિસ્ટમ રદ થઈ છે. જેનો સૌથી મોટો ફટકો ટ્યૂશન ક્લાસિસને પડ્યો છે. જોકે, હવે ક્લાસિસ સંચાલકો ધોરણ૧૧ સાયન્સનું ટ્યૂશન રાખતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થવાના પગલે આવક વધારવા માટે ધોરણ૧૨ સાયન્સના ટ્યૂશનના ભાવોમાં વધારો કરી દીધો હોવાનું જાણવા મળે છે. કેટલાક ટ્યૂશન સંચાલકોએ તો ધો૧૧ સાયન્સનું ટ્યૂશન રખાવો તો જ ધો૧૨ સાયન્સનું ટ્યૂશન કરાવશું તેવી જાહેરાત પણ કરી દીધી છે.

રાજય સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૬થી સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ રદ કરી હતી. જેમાં ધોરણ૧૨ સાયન્સમાં ૨૦૧૮થી સેમેસ્ટર સિસ્ટમ રદ થઈ છે. જેથી હવે બોર્ડ દ્વારા સાયન્સમાં માત્ર ધોરણ૧૨ની વાર્ષિક પરીક્ષા જ લેવામાં આવશે. જયારે ધોરણ૧૧ સાયન્સની પરીક્ષા લેવાની જવાબદારી જે તે સ્કૂલોને સોંપી દેવામાં આવી છે. અગાઉ સાયન્સના ચારેય સેમેસ્ટરની પરીક્ષા બોર્ડ લેતી હતી અને ચારેય સેમેસ્ટરના પરિણામના આધારે સાયન્સનું પરિણામ જાહેર કરાતું હતું. સાયન્સમાં ચાર સેમેસ્ટરના આધારે પરીક્ષા લેવાતી હતી ત્યારે મોટાભાગના વિદ્યાર્થીઓ ચારેય સેમેસ્ટરનું ટ્યૂશન રખાવતા હતા. પરંતુ હવે જયારે રાજય સરકારે સેમેસ્ટર સિસ્ટમ રદ કરી છે ત્યારે ધોરણ૧૧ સાયન્સનું મહત્વ ઘટતા હવે વિદ્યાર્થીઓ માત્ર ધોરણ૧૨ સાયન્સનું જ ટ્યૂશન રખાવી રહ્યા છે અને તેના લીધે ટ્યૂશન સંચાલકોની આવક પર અસર પડી હોવાથી તેમણે ધોરણ૧૨ સાયન્સના ટ્યૂશનના ભાવોમાં વધારો કર્યો હોવાનું જાણવા મળે છે.

અગાઉ સેમેસ્ટર સિસ્ટમમાં એક વિષયના એક સેમેસ્ટરના રૂ. ૧૫ હજાર જેટલી ફી ટ્યૂશન સંચાલકો દ્વારા લેવામાં આવતી હતી. એટલે કે એક વિષયના ચારેય સેમેસ્ટરના થઈને રૂ. ૬૦ હજાર જેટલો ચાર્જ થતો હતો અને જો વિદ્યાર્થી ચારેય સેમેસ્ટર ટ્યૂશન કરવા માંગતો હોય તો તેને રૂ. ૧૦ હજારનું ડિસ્કાઉન્ટ આપી રૂ. ૫૦ હજાર વસૂલાતા હતા. પરંતુ હવે જયારે ટ્યૂશન સંચાલકોને પડતીના દિવસો આવ્યા છે ત્યારે સારા ગણાતા ટ્યૂશન ક્લાસિસ એક વિષયના ધોરણ૧૨ના ૩૫ હજારથી લઈને રૂ. ૪૦ હજાર જેટલો ચાર્જ વસૂલી રહ્યા છે. જયારે અમુક ટ્યૂશન ક્લાસિસે ભાવમાં વધારો કર્યો નથી પરંતુ જો ધોરણ૧૧નું ટ્યૂશન કરાવવામાં આવે તો જ ધોરણ૧૨નું ટ્યૂશન કરાવવામાં આવશે તેમ જણાવી તેમની પાસેથી વધુ ફી વસૂલવાનું શરૂ કર્યુ છે.

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના નામે પણ વિદ્યાર્થીઓની લૂંટ ટ્યૂશન ક્લાસિસ ધોરણ૧૨ સાયન્સમાં વધુ ફી લઈ શકતી ન હોઈ હવે તેમણે નવો રસ્તો અપનાવ્યો છે. જે મુજબ વિદ્યાર્થીને ધોરણ૧૨ની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની પણ તૈયારી કરાવવામાં આવતી હોવાનું જણાવી તેની અલગથી ફી વસૂલે છે. એ ગ્રૂપના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની તૈયારી અને બી ગ્રૂપના વિદ્યાર્થીઓ માટે નીટની તૈયારીના નામે વધુ ફી વસૂલવાનું શરૂ કર્યું છે. આમ, ટ્યૂશન ક્લાસિસ સંચાલકોએ પોતાની ફી સરભર કરવા માટે નવા નુસખા અપનાવવાનું શરૂ કર્યુ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ફોરેન્સિક યુનિ. ભણાવ્યા વિના જ લાખોની ફી લે છે: હાઈકોર્ટમાં રિટ

ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના એમ.ટેક સાયબર સિક્યોરિટી અને ઈન્સિડન્સ રિસ્પોન્સ નામનાં ટેક્નિકલ કોર્સની ફીના મુદ્દે યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓએ જ હાઈકોર્ટમાં રિટ કરી છે. જેમાં રજૂઆત કરી છે કે,'યુનિવર્સિટીમાં ધારાધોરણ મુજબ ફેકલ્ટી નથી. સંસ્થા ભણાવ્યા વિના જ વર્ષની દોઢ લાખ જેટલી માતબર અને મનસ્વી ટ્યૂશન ફી લે છે. આ મુખ્ય રિટમાં વધુ એક અરજી કરીને એવી દાદ માંગવામાં આવી છે કે,'આ સંસ્થા ગ્રાન્ટ ઈન એઈડ મુજબની હોવાથી નિયમ મુજબ અન્ય સંસ્થામાં એમ.ટેક. અને એમ.ઈ. માટે લેવાતી રૂ. ૧૫૦૦ જેટલી ટ્યૂશન ફી નક્કી કરી અન્ય લાખો રૂપિયાની બિનજરૂરી ફી નાબૂદ કરવામાં આવે.

જસ્ટિસ એન.વી.અંજારિયાએ આ અરજી ગ્રાહ્ય રાખી હતી અને મુખ્ય રિટ પરની વધુ સુનાવણી ૧૧મી જુલાઈએ થશે. અરજદાર વિદ્યાર્થીઓ સંજય મુજયાસરા અને જયેન્દ્ર કુમાર રાઠોડે આ પિટિશન કરી છે. જેમાં સંજય દ્વારા પાર્ટી ઈન પર્સન તરીકે એવી રજૂઆત કરાઈ છે કે,'ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના સાયબર સિક્યોરિટીના કોર્સમાં ૪૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા છે. જો કે, એમ.ટેક.ના કોર્સમાં જુલાઈ૨૦૧૬માં પ્રવેશ લીધા બાદ એવું જાણવા મળ્યું હતું કે અહીં ખાનગી કંપનીને અભ્યાસ આપવા માટેનો કોન્ટ્રાક્ટ અપાયો છે અને એક જ ફેકલ્ટી છે અને તે પણ યોગ્ય રીતે ભણાવતા નથી. જયારે કે ટ્યૂશન ફી પેટે રૂ. દોઢ લાખથી વધુ લેવામાં આવ્યા હતા. તેથી આ મુદ્દે ડિરેક્ટર સમક્ષ રજૂઆત કરી હતી પરંતુ કોઈ પરિણામ આવ્યું નહીં. તેથી સંબંધિત શિક્ષણ વિભાગ સહિતના તંત્ર સમક્ષ પણ રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં કોઈ યોગ્ય નિર્ણય ના લેવાતા જાન્યુઆરીમાં હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી હતી. તેથી ફેકલ્ટીની સંખ્યા ત્રણ કરવામાં આવી હતી.

આ રિટમાં એવી દાદ માગવામાં આવી હતી કે,'એમ.ટેક. સાયબર સિક્યુરિટી અને ઈન્સિડન્સ રિસ્પોન્સ નામના ટેક્નિકલ કોર્સની ફી રેગ્યુલેટરી કમિટી પાસે નક્કી કરાવવામાં આવે. આ કોર્સ ટેક્નિકલ કોર્સ માટે અઈઈઝની માન્યતા લેવામાં આવે અને ૮ થી ૯ ફેકલ્ટીની નિમણૂક કરવામાં આવે.દરમિયાન જૂન૨૦૧૭માં બીજા વર્ષની શરૂઆત થઈ હતી. બીજા વર્ષની ફી પેટે બે સેમેસ્ટરના ૧.૪૧ લાખ ભરવાના થતા હોવાનું વિદ્યાર્થીઓના ધ્યાનમાં આવ્યું. જેમાં એવી હકીકત જાણવા મળી હતી કે, બીજા આખા વર્ષ દરમિયાન ટીચિંગ સ્કીમના ભાગ રૂપે એક પણ દિવસ ટ્યૂશન માટે કોલેજ જવાનું નથી કે એક પણ ફેકલ્ટીનો એક પણ લેકચર યોજવાનો નથી. તેમ છતાંય લાખો રૂપિયાની ફી લેવામાં આવી હતી. તેથી હાઈકોર્ટમાં વધુ એક અરજી કરીને જણાવ્યું હતું કે,'ટ્યૂશન ફી, ઈન્ટરનેટ ફી, લેબોરેટરી ફી, લાઈબ્રેરી ફી વગેરે હેડ હેઠળ ફી ઉઘરાવવી તદ્દન ગેરવ્યાજબી છે. કેમ કે બીજા સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ ફિલ્ડ વર્ક કે ઈન્ટર્નશિપ કરવાની રહે છે. તેથી ફી સ્ટ્રકચર ઉપર સ્ટે મુકવામાં આવે તથા ટ્યૂશન તથા અન્ય બિનજરૂરી ફી નાબુદ કરવામાં આવે.

## પૂરતી ફેકલ્ટી નથી, ગ્રાન્ટેડ છતાં લેવાતી માતબર ફી ઘટાડવા માગ

## ૨૦૧૭ માં ફક્ત આઇઆઇટીમાં પ્રવેશ માટે કયા બોર્ડમાં કેટલા માર્કે ટોપ ટ્વેન્ટી પર્સન્ટાઇલ ગણાયા

**CATEGORY-WISE TOP 20-PERCENTILE CUT-OFF MARKS FOR 2017 CLASS XII EXAMINATION (for Admissions to IITs only)**

| # | Board | GEN | OBC-NCL | SC | ST | PwD |
|---|---|---|---|---|---|---|
| 1 | Andhra Pradesh Board of Intermediate Education | 474 | 470 | 457 | 452 | 452 |
| 2 | Assam Higher Secondary Education Council | 364 | 359 | 348 | 300 | 300 |
| 3 | Bihar Intermediate Education Council | 313 | 307 | 300 | 303 | 300 |
| 4 | Central Board of Secondary Education (CBSE) | 431 | 420 | 400 | 385 | 385 |
| 5 | Chattisgarh Board of Secondary Education | 374 | 380 | 362 | 355 | 355 |
| 6 | Council for the Indian School Certificate Examinations | 427 | 408 | 391 | 366 | 366 |
| 7 | Goa Board of Secondary and Higher Secondary Education | 370 | 357 | 336 | 316 | 316 |
| 8 | Gujarat Secondary Education Board | 367 | 344 | 336 | 309 | 309 |
| 9 | Haryana Board of Education | 406 | 400 | 383 | 303 | 303 |
| 10 | Himachal Pradesh Board of School Education | 375 | 361 | 355 | 358 | 355 |
| 11 | Jammu and Kashmir State Board of School Education | | | | | |
| 12 | Jharkhand Academic Council | | | | | |
| 13 | Karnataka Board of Pre-University Education | 419 | 400 | 346 | 360 | 346 |
| 14 | Kerala Board of Public Examinations | 446 | 425 | 400 | 396 | 396 |
| 15 | Madhya Pradesh Board of Secondary Education | | | | | |
| 16 | Maharastra State Board of Secondary and Higher Secondary Education | 343 | 344 | 326 | 323 | 323 |
| 17 | Manipur Council of Higher Secondary Education | 309 | 310 | 305 | 302 | 302 |
| 18 | Meghalaya Board of Secondary Education | | | | | |
| 19 | Mizoram Board of School Education | 359 | 342 | 345 | 347 | 342 |
| 20 | Nagaland Board of School Education | 349 | 362 | 335 | 318 | 318 |
| 21 | Odisha Council of Higher Secondary Education | 331 | NA | 302 | 276 | 276 |
| 22 | Punjab School Education Board | 406 | 403 | 388 | 392 | 388 |
| 23 | Rajasthan Board of Secondary Education | 401 | 403 | 385 | 379 | 379 |
| 24 | Tamil Nadu Board of Higher Secondary Education | 425 | 431 | 392 | 383 | 383 |
| 25 | Tripura Board of Secondary Education | 348 | NA | 330 | 304 | 304 |
| 26 | Uttar Pradesh Board of High School and Intermediate Education | 355 | 344 | 331 | 337 | 331 |
| 27 | Uttaranchal Shiksha evam Pariksha Parishad | | | | | |
| 28 | West Bengal Council of Higher Secondary Education | | | | | |
| 29 | National Institute of Open Schooling | 351 | 338 | 334 | 332 | 332 |
| 30 | Jamia Milia Islamia, New Delhi | | | | | |
| 31 | Aligarh Muslim University, Aligarh | 400 | NA | NA | NA | 400 |
| 32 | Dayalbagh Educational Institute, Agra | 469 | 418 | 452 | 378 | 378 |
| 33 | Banasthali Vidyapeeth, Rajasthan | 429 | 421 | 387 | NA | 387 |
| 35 | Rajiv Gandhi University of Knowledge Technologies, Hyderabad | | | | | |
| 36 | Haryana Open School, Bhiwani | | | | | |
| 43 | Telangana Board of Secondary Education | 467 | 464 | 454 | 456 | 454 |

**The above data is based on cutoff marks received on or before 27th June 2017 from some of the boards. The table will be updated as and when we receive cutoff marks from the remaining boards.**

## ડિગ્રી એન્જિનિયરિંગની કઇ કોલેજની કેટલી બેઠકો ભરાઇ ?

**ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES**
**INSTITUTE WISE FILLED POSITION BE- ROUND 1**

| Sr No. | Institute Type | Inst_Name | Total | Allotted | Vacant | % Filled |
|---|---|---|---|---|---|---|
| 100 | SFI | Ipcowala Institute Of Engineering And Technology Dharmaj | 276 | 83 | 193 | 30.07246 |
| 101 | SFI | Sigma Institute Of Engg., Bakrol | 462 | 138 | 324 | 29.87013 |
| 102 | SFI | B.H.Gardi College Of Engg. & Technology , Rajkot | 426 | 114 | 312 | 26.76056 |
| 103 | SFI | Kalol Institute Of Tech. & Research Center ,Kalol | 576 | 134 | 442 | 23.26389 |
| 104 | SFI | Mahavir Swami College Of Engineering & Technology, Bharthana-Vesu, Surat | 483 | 111 | 372 | 22.98137 |
| 105 | SFI | Swaminarayan College Of Engg. & Tech., Kalol | 318 | 65 | 253 | 20.44025 |
| 106 | SFI | Vidhyadeep Institute of Engineering & Technology, Anita(Kim), Surat | 408 | 79 | 329 | 19.36275 |
| 107 | SFI | Prime Institute of Engineering and Technology, Jalalpore, Navsari | 246 | 45 | 201 | 18.29268 |
| 108 | SFI | Hjd Institute Of Technical Education And Reserch, Kera | 321 | 57 | 264 | 17.75701 |
| 109 | SFI | Laljibhai Chaturbhai Institute Of Tech., Bhandu, Mahesana | 273 | 43 | 230 | 15.75092 |
| 110 | SFI | Om Engineering College Junagadh | 366 | 57 | 309 | 15.57377 |
| 111 | SFI | SMT. SHANTABEN HARIBHAI GAJERA ENGINEERING COLLEGE Amreli | 228 | 35 | 193 | 15.35088 |
| 112 | SFI | C.U.Shah College Of Engg.& Tech.,Wadhvan | 638 | 97 | 541 | 15.20376 |
| 113 | SFI | Shri Labhubhai Trivedi Institute Of Engineering And Technology, Rajkot | 273 | 41 | 232 | 15.01832 |
| 114 | SFI | Engginering College, Tuwa, Godhara | 318 | 47 | 271 | 14.77987 |
| 115 | SFI | M.K.College of Engineering and Technological Research, Patan | 225 | 32 | 193 | 14.22222 |
| 116 | SFI | D. A. Degree Engineering and Technology, Mahemdabad, Kheda | 318 | 42 | 276 | 13.20755 |
| 117 | SFI | Indrashil Institute of Science and Technology, Rajpur, Kadi | 273 | 31 | 242 | 11.35531 |
| 118 | SFI | Tatva Institute Of Technological Studies, Modasa | 384 | 40 | 344 | 10.41667 |
| 119 | SFI | Hansaba College Of Engieering And Technology, Siddhpur | 360 | 35 | 325 | 9.722222 |
| 120 | SFI | Dr. Subhahsh Technical Campus, Junagadh | 405 | 38 | 367 | 9.382716 |
| 121 | SFI | Merchant Engg. College, Basna. Visnagar | 480 | 45 | 435 | 9.375 |
| 122 | SFI | SIGMA ENGINEERING COLLEGE MATAR (Formly known as Leads Institute Of Tech. And Engineering, Matar) Bharuch | 228 | 20 | 208 | 8.77193 |
| 123 | SFI | Noble Engineering College, Junagadh | 600 | 47 | 553 | 7.833333 |
| 124 | SFI | Dr. V.R. Godhania College of Engg. & Tech., Porbandar | 180 | 14 | 166 | 7.777778 |
| 125 | SFI | Balaji Engineering College, Jnd-Dhoraji Highway, Makhiyala, Junagadh | 270 | 19 | 251 | 7.037037 |
| 126 | SFI | Kankeshwaridevi Inst. Of Tech.,Jamnagar | 360 | 22 | 338 | 6.111111 |
| 127 | SFI | ARHAM VEERAYATAN INSTITUTE OF ENGINEERING TECHNOLOGY & RESEARCH., Mandvi | 360 | 21 | 339 | 5.833333 |
| 128 | SFI | Sabar Institute Of Tech. For Girls, Tajpur, Sabarkantha | 203 | 10 | 193 | 4.926108 |
| 129 | SFI | Grow More Faculty of Engineering, Bema, Himmatnagar | 480 | 21 | 459 | 4.375 |
| 130 | SFI | MERCHANT INSTITUTE OF TECHNOLOGY (FORMLY KNOWN AS Sardar Patel Institute Of Tech.,) Piludara, Mehsana | 240 | 10 | 230 | 4.166667 |
| 131 | SFI | Om Institute Of Technology, Shahera, Dist:Panchmahal | 225 | 9 | 216 | 4 |
| 132 | SFI | Valia Institute Of Tech., Valia, Bharuch | 390 | 15 | 375 | 3.846154 |
| 133 | SFI | Arun Munchhala Engineering College, Amreli | 360 | 13 | 347 | 3.611111 |
| 134 | SFI | Aurum Institute of Technology, Village Ishwariya, Rajkot | 495 | 17 | 478 | 3.434343 |
| 135 | SFI | Samarth College Of Engineering & Technology, Himatnagar | 540 | 18 | 522 | 3.333333 |
| 136 | SFI | Sanjaybhai Rajguru College of Engg. , Rajkot | 360 | 11 | 349 | 3.055556 |
| 137 | SFI | Gujarat Institute Of Technical Studies, Moyad, Prantij | 225 | 6 | 219 | 2.666667 |
| 138 | SFI | Shri J M Sabva Institute Of Engineering And Technology, Botad | 270 | 5 | 265 | 1.851852 |
| 139 | SFI | Arrdekta Inst. Of Technology, Khedbrahma, Sabarkantha | 405 | 7 | 398 | 1.728395 |
| 140 | SFI | Shri Satsangi Saketdham `Ram Ashram` Group Of Institutions, Vadasma | 360 | 2 | 358 | 0.555556 |
| 141 | SFI | Shri Pandit Nathulalaji Vyas Technical Campus, Wadhawan | 480 | 2 | 478 | 0.416667 |

**આપની સ્કુલ-કોલેજોના સમાચારો અહીં પ્રકાશિત કરાવવા માટે**

**મેઇલ અગર વ્હોટ્સ એપ કરો - ૯૮૨૫૩ ૪૪૯૪૪**

## ધો.૯ના પુસ્તકમાં ઈશુને હેવાન દર્શાવતી ભૂલ બદલ ચાર વ્યકિતને કારણદર્શક નોટિસ

ધોરણ૯ના હિન્દીના પુસ્તકમાં હેવાન ઈશુ શબ્દને લઈને ભારે વિવાદ થયો હતો અને તેને લઈને પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા તપાસ માટે એક કમિટીની રચના કરી હતી. આ કમિટી દ્વારા ચાર જેટલા લોકોને કારણદર્શક નોટિસ ફટકારી છે અને હવે કમિટી દ્વારા તેમના નિવેદનો લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ચારેય લોકોના નિવેદન લેવામાં આવ્યા બાદ જે પણ કસૂરવાર જણાશે તેમની સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ઘટના બની ત્યારે સમગ્ર મામલો પ્રૂફ રીડર પર ઢોળી તેને દોષી માની લેવામાં આવ્યો હતો. પરંતુ હાલમાં કમિટી દ્વારા તપાસ શરૂ કરી ચારને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

ધોરણ૯ના હિન્દીના પુસ્તકમાં ઈશુને હેવાન ઈશુ તરીકે લખવામાં આવતા ભારે વિવાદ થયો હતો. આ ઘટનાના પગલે ખ્રિસ્તી સમાજના લોકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો અને તેમણે આ મુદ્દે પોતાનો વિરોધ કરી પુસ્તકો પરત ખેંચવાની માંગણી કરી હતી. જોકે, પુસ્તકો સ્કૂલોમાં પહોંચી ગયા હોવાથી પુસ્તકો પરત ખેંચવામાં આવ્યા ન હતા. પરંતુ તે શબ્દ પુરતો સુધારો કરી સ્કૂલોને તેની જાણ કરી દેવામાં આવી હતી. જેમાં હેવાન ઈશુના બદલે પુસ્તક મંડળ દ્વારા ભગવાન ઈશુ શબ્દ લખવામાં આવ્યું હતું. આ ઘટનામાં સૌપ્રથમ પ્રૂફ રીડરની ભૂલ માની તેને દોષી ગણવામાં આવ્યો હતો.

દરમિયાન પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ માટે એક કમિટીની રચના કરી હતી. આ કમિટી દ્વારા સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં કમિટી દ્વારા સમગ્ર પ્રકરણને લઈને ચાર વ્યક્તિઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં નાયબ નિયામક શૈક્ષણિક, લેખક મહેશ ઉપાધ્યાય, પ્રૂફ રીડર ડિમ્પલ શાહ અને ડીટીપી ઓપરેટર ગજ્જર સૈનને કારણદર્શક નોટિસ ફટકારી તેમનો ખુલાસો પૂછવામાં આવ્યો છે.

કમિટી દ્વારા આ ચારેય વ્યક્તિઓને રૂબરૂ સાંભળી તેમના નિવેદનો લેવાની કાર્યવાહી કરવામાં આવશે. ચારેય વ્યક્તિઓ પોતાના નિવેદનો આપી દેશે ત્યારબાદ કમિટી દ્વારા આ પ્રકરણમાં ખરેખર કોણ જવાબદાર છે તે અંગેની તપાસ કરશે અને ત્યારબાદ જે પણ કસૂરવાર જણાશે તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આમ, એક બાજુ હજુ ધોરણ૯ના હિન્દી પુસ્તકમાં ઈશુને લઈને થયેલા શબ્દ પ્રયોગ સામે તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે ત્યારે ધોરણ૪ના હિન્દી માધ્યમના પ્રથમ ભાષાના પુસ્તકમાં રોજા વિશે લખાયેલા શબ્દને લઈને વિવાદ ઉભો થયો છે અને તેમાં ફરી તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે.

### નાયબ નિયામક શિક્ષણથી લઈને ડીટીપી ઓપરેટર સુધીના ચાર વ્યક્તિને નોટિસ

એક એવું પુસ્તક જે ધો.૯, ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરમાં ઉપયોગી નિવડે છે

શિક્ષણ સર્વદા
કારકિર્દી બુક



તમને ખબર છે કંપની સેક્રેટરી, કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્સી, ઇન્ટિરીયર ડિઝાઇન, બીસીએ, બીબીએ, એમ.એ. એલ.આર.ડી., ફાઇન આર્ટસ BBA, BCA, CS, HRD, BID, CMA, Fine Arts, Performing Arts, Sanitary Inspection વગેરેમાં ધો.૧૨ સાયન્સ, કોમર્સ અને આર્ટસ પ્રવાહના વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર છે?

ઉપરોક્ત વિગતો એક જ સંપુટમાં ઉપલબ્ધ અને એ સંપુટનું નામ શિક્ષણ સર્વદા કારકિર્દી પુસ્તક-૨૦૧૭

આપની શાળા, સમાજ, સોસાયટી, કલબ, મંડળ, સંગઠનના વિદ્યાર્થીઓ માટે આજે જ નકલની વ્યવસ્થા કરો

સંપર્ક : +91 98253 44944, 94266 44944
મેઇલ : jbsurat9@gmail.com

# ચૂનીભાઇ ગજેરાએ ગજેરા ઇન્ટરનેશનલ સ્કુલના બાળકો સાથે જન્મદિવસ ઉજવ્યો



વિતેલા પખવાડિયે ગજેરા વિદ્યાભવનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ચૂનીભાઇ ગજેરાએ પોતાનો જન્મદિને ગજેરા ઇન્ટરનેશનલ સ્કુલના બાળકો સાથે કેટલાક કલાકો વિતાવ્યા હતા. તેમણે બાળભવનથી લઇને સિનિયર સ્ટુડન્ટસ સુધીના વિદ્યાર્થીઓને મળીને તેમને કેટલાક સવાલો પૂછ્યા હતા. વિદ્યાર્થીઓ અને સ્ટાફે પણ શ્રી ચૂનીભાઇ ગજેરાને તેમના જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓ અર્પણ કરી હતી.

# જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કુલના બાળકોની શ્રીલંકાની સ્ટડી ટૂર




શહેરના ન્યુ સિટીલાઇટ વિસ્તારમાં આવેલી જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓને વિતેલા પખવાડિયે શ્રીલંકાની સ્ટડી ટૂર પર લઇ જવામાં આવ્યા હતા. શ્રીલંકાની ટૂર દરમિયાન વિદ્યાર્થીઓએ શ્રીલંકાના ઐતિહાસિક સ્થળો ઉપરાંત શ્રીલંકાની સંસ્કૃતિ તેમજ ત્યાં ના લોકોના ઉત્સવો, રિતીરિવાજો વગેરે વિશે પણ જિજ્ઞાસાપૂર્વક માહિતી એકત્રિત કરી હતી. વિદ્યાર્થીઓએ શ્રીલંકાની ટૂરને સ્ટડી ટૂર તરીકે ગણાવી હતી.

# એલ.પી.સવાણી વિદ્યાભવનના બાળમંદિરમાં ફ્રુટ એન્ડ વેજી દિવસ



શહેરના એલ.પી. સવાણી રોડ પર આવેલા એલ.પી. સવાણી વિદ્યાભવન ગુજરાતી માધ્યમના પ્રી પ્રાઇમરી વિભાગમાં વિતેલા પખવાડિયા દરમિયાન ફ્રુટ એન્ડ વેજિટેબલ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની મમ્મીઓએ વિદ્યાર્થીઓને જુદા જુદા વેજિટેબલ તેમજ ફળ ફ્રુટને અનુરૂપ વસ્ત્ર પરિધાન કરાવીને શાળાએ મોકલ્યા હતા. શિક્ષકોએ વિદ્યાર્થીઓના પહેરવેશ અનુસાર અન્ય વિદ્યાર્થીઓને જુદા જુદા ફળ ફ્રુટ્સની ઓળખ કરાવી હતી.

# દક્ષિણ ગુજરાતને પહેલી ઇંગ્લીશ મિડીયમ બી.એ. કોલેજ સમર્પિત કરનારા કસબીઓ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી શરૂ થઇ ત્યારથી અત્યાર સુધીમાં કોઇપણ ટ્રસ્ટ કે સંસ્થાએ ઇંગ્લિશ મિડીયમની બી.એ. કોલેજ શરૂ કરી ન હતી. એક તરફ ઇંગ્લીશ મિડીયમ સ્કુલો વધતી ગઇ ને વિદ્યાર્થીઓની સંખ્યા પણ કૂદકે ભૂસકે વધી. ઇજનેરી, ફાર્મસી, મેનેજમેન્ટ વગેરેની ઇંગ્લિશ મિડીયમ કોલેજો શરૂ થઇ પણ બી.એ. કોર્સને જાણે લખી વળાયો હોય તે રીતે કોઇપણ સંસ્થા અત્યાર પર્યંત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઇંગ્લિશ મિડીયમ બી.એ. કોર્સ શરૂ કરવા તૈયાર ન થઇ.

પરંતુ, દક્ષિણ ગુજરાતને લાગેલું આ મહેણું અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર ટ્રસ્ટ અને તેના કર્ણધારોએ દૂર કર્યું. સંસ્થાના પ્રમુખ શ્રી પ્રમોદ ચૌધરી, સેક્રેટરી શ્રી વિનોદ ગોયેલ તેમજ મેનેજિંગ કમિટીએ સુરતના શિક્ષણશાસ્ત્રી અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, લોકભારતી મંડળ, સચીન કેળવણી મંડળ વગેરે સાથે સંકળાયેલા શ્રી દિનુભાઇ નાયકની કુનેહ તેમજ સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ અને વેડરોડની અખંડ આનંદ કોલેજના પૂર્વ આચાર્ય તેમજ હાલમાં સાસ્કમા કોલેજ મેનેજમેન્ટ સાથે સંકળાયેલા ડો.યુ.ટી. દેસાઇ ના માર્ગદર્શન સાથે દક્ષિણ ગુજરાતની સૌ પ્રથમ ઇંગ્લિશ મિડીયમ આર્ટસ કોલેજ શરૂ કરીને તેમાં બી.એ. વીથ ઇકોનોમિક્સનો વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ શરૂ કરાવ્યો.

આ કોર્સની મહત્વતા અનેક રીતે છે. ઇંગ્લિશ મિડીયમમાં આર્ટસ ગ્રેજ્યુએશન તો થાય જ પરંતુ સાથે સાથે સિવિલ સર્વિસીઝની સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેમકે યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) ઉપરાંત જી.પી.એસ.સી., રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સ્ટાફ સિલેકશન કમિશન વગેરેની તૈયારી માટે આ અભ્યાસક્રમને અત્યંત શુટેબલ માનવામાં આવે છે.

સુરતની આ સૌ પ્રથમ ઇંગ્લિશ મિડીયમ આર્ટસ કોલેજની એડવાઇઝરી કમિટીમાં આ ઉપરાંત સામાજિક અગ્રણી શ્રી શ્યામ સુંદરજી, શ્રી ગીરીશજી તેમજ શ્રી વિનોદભાઇ અગ્રવાલનો સમાવેશ કરવામાં આવ્યો છે.



**શ્રી પ્રમોદ ચૌધરી**
**પ્રમુખ, અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટ**



**શ્રી વિનોદ ગોયલ**
**મંત્રી, અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટ**



**શ્રી દિનુભાઇ નાયક**
**શિક્ષણશાસ્ત્રી અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટીશ્રી**




**શ્રી ડો.યુ.ટી. દેસાઇ**
**પૂર્વ આચાર્ય, સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ**



**શ્રી વિનોદ અગ્રવાલ**
**સામાજિક અગ્રણી**



**શ્રી ગીરીશજી**
**સામાજિક અગ્રણી**



**શ્રી શ્યામ સુંદરજી**
**સામાજિક અગ્રણી**

# સ્કૂલ વાન ડ્રાઈવરનો પુત્ર સીએસ ફાઉન્ડેશનમાં ઓલ ઇન્ડિયામાં પ્રથમ

તાજેતરમાં જાહેર થયેલા કંપની સેક્રેટરી કોર્સ, સી.એસ.ફાઉન્ડેશનના પરિણામમાં અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતા, કુમકુમ વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી મુસ્તુફા સીબાત્રાએ પ્રથમ રેંકમાં સ્થાન પામ્યો છે. સામાન્ય પરિવારમાંથી આવતાં મુસ્તુફાને અભ્યાસ માટે કોઇ વિશેષ સગવડ મળતી નથી.

પિતા વેન ચલાવતાં હોવા છતાં પુત્રના અભ્યાસમાં કોઇ મુશ્કેલી ન પડે તે માટે પ્રાઇવેટ કોચિંગ કલાસીસમાં પણ મુક્યો હતો. આશ્ચર્યની વાત એ કે ખાનગી કોચિંગ કલાસીસમાં અભ્યાસ માટે મુકવાના કારણે સમાજ તરફથી કોઇ મદદ મળી નહોતી. જો કે, હવે ઓલ ઇન્ડિયામાં ટોપ આવવાના કારણે સી.એસ. ઇન્સ્ટિટયૂટ તરફથી સ્કોલરશીપ મળે તેવા પ્રયાસો કરવાની બાંયેધરી આપવામાં આવી છે. વટવા વિસ્તારમાં રહીને વેન ચલાવતાં મુફદ્દલ સીબાત્રા કહે છે છેલ્લા કેટલાય વર્ષોથી હું કુમકુમ વિદ્યાલયમાં અભ્યાસ કરતાં બાળકો માટે વેન ચલાવું છું. મારા પુત્ર મુસ્તુફાને પણ મે કુમકુમ વિદ્યાલયમાં જ અભ્યાસ કરાવ્યો છે. જયાં સુધી શાળામાં અભ્યાસ કરતો હતો ત્યાં સુધી મારી વેનમાં જ મુસ્તુફા શાળાએ આવતો હતો. નાનપણથી અભ્યાસમાં વધારે રૂચી હોવાના કારણે મેં કોઇપણ હિસાબે તેને ભણાવવાનો નિર્ણય કર્યો હતો. તેના વટવામાં રહેતા મિત્રો સી.એસ. કરવા માટે પશ્ચિમ વિસ્તારના ખાનગી કોચિંગ કલાસીસમાં જતાં હોવાથી મે પણ મુસ્તુફાને પ્રાઇવેટ કોચિંગમાં મુક્યો હતો. ફી ભરવામાં કયારેય મુશ્કેલી નડી નહોતી. પરંતુ મોટાભાગે સમયસર તમામ કામ થઇ જતાં હતા.

નાનો દીકરો સાતમાં ધોરણમાં અભ્યાસ કરે છે તેના માટે સમાજમાંથી મદદ મળે છે પરંતુ મુસ્તુફાને પ્રાઇવેટ કોચિંગ કલાસીસમાં મુકયો હોવાથી કોઇ મદદ મળતી નથી. નાનપણથી જ અભ્યાસમાં હોશિયાર હોવાથી તેને સારી રીતે ભણાવવાનું નક્કી કર્યું હતું. મુસ્તુફાની માતા કહે છે બે દીકરાને ભણાવવાના હોવાથી મુશ્કેલી તો નડે છે પરંતુ વટવામાં ઘરનું ઘર હોવાથી અને સાદાઇથી જીવન જીવવાના કારણે પૂરું થઇ જાય છે. મુસ્તુફા કહે છે હવે ભવિષ્યમાં હું સી.એસ. થઇને કોર્પોરેટ કંપનીમાં જોબ શરૂ કરું તેની સાથે જ સૌથી પહેલા મારા પિતાને કામમાંથી મુક્તિ આપીશ. કારણ કે મને કોઇપણ અભ્યાસમાં કોઇ મુશ્કેલી નડી નથી. સમયસર ફી ભરવાથી લઇને બસના પાસ અને ટિકિટની વ્યવસ્થા પણ પપ્પા કરી આપતાં હતા. પરંતુ મારા કારણે તેઓએ બહુ સંઘર્ષ કરવો પડયો છે.

## સંઘર્ષ બાદ સફળતા : સી.એસ. થયા પછી સૌથી પહેલા મારા પિતાને કામમાંથી મુક્તિ આપીશ : મુસ્તુફા

# ઉન્નતી ઇંગ્લિશ એકેડેમીનો વિદ્યાર્થી ઓલંમ્પિયાડમાં ઝળક્યો



શહેરના ઉમરા વિસ્તારમાં આવેલી ઉન્નતી ઇંગ્લિશ એકેડેમીના વિદ્યાર્થી રિદાન કાકડીયાએ ઇન્ટરનેશનલ ઓલમ્પીયાડ ક્વીઝ કોમ્પિટીશનમાં નેશનલ લેવલ ઉપર ઝળહળતો દેખાવ કરીને શાળાનું નામ રોશન કર્યું હતું. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નવીનભાઇ ઉમરીગરે વિદ્યાર્થીની સિદ્ધીઓને બિરદાવતા તેનું બહુમાન કર્યું હતું.

# રાયન ઇન્ટરનેશનલ સ્કુલના સ્ટુડન્ટસ લિડર્સને હોદ્દાના શપથ લેવડાવાયા




ડુમસ રોડ પર આવેલી રાયન ઇન્ટરનેશનલ સ્કુલના વર્ગ વાઇઝ ચૂંટાયેલા વિદ્યાર્થી પ્રતિનિધિઓને તેમના હોદ્દાની ગરીમા અંગે સંસ્થાના એડમિનિસ્ટ્રેટર શ્રી ડેવિડ સોલંકીએ શપથ લેવડાવ્યા હતા. વિદ્યાર્થીઓ તેમના સહધ્યાયીઓને માર્ગદર્શિત કરવાની ભૂમિકા માટે તત્પર જણાયા હતા.

# એસ.ડી. જૈન સ્કુલમાં સાયન્સ એન્ડ મેથ્સ ફેરની ઉજવણી સંપન્ન થઇ




શહેરના વી.આઇ.પી. રોડ વેસુ ખાતે આવેલી એસ.ડી. જૈન મોર્ડન સ્કુલમાં યોજાયેલા સાયન્સ ફેર દરમિયાન સંસ્થાના સંચાલક શ્રી કૈલાશ જૈન તેમજ અન્ય મહાનુભાવોએ વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ નિહાળ્યા હતા એ વેળા લેવાયેલી તસ્વીર

# એક ઝપ્પી બહોત કુછ કહતી હૈ

તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા અને ઇઝરાયલની વિદેશયાત્રા દરમ્યાન આ દેશોના વડાઓ સાથેની તેમની ઝપ્પી બહુ ચર્ચામાં રહી. કેટલાકે અમેરિકન પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પ સાથે પરાણે કરાયેલી ઝપ્પી ગણાવીને મજાક પણ ઉડાવી તો કેટલાક બે દેશોના વડાઓના આલિંગનથી બે દેશો વચ્ચેના સંબંધોમાં આવેલી ઘનિષ્ઠતાની વાતો કરતા થાક્યા નહીં. ઘણા અંશે રાજકીય મુલાકાતો દરમ્યાન ગળે મળવાની પ્રક્રિયા ઔપચારિકતા માત્ર જ હોય છે. એમ છતાં જયારે બે દેશોના રાજદ્વારી પ્રતિનિધિઓ મળે છે ત્યારે તેમની વચ્ચે કેટલી સંવાદિતા છે એ તેમની બોડીલેન્ગ્વેજ પરથી ખબર પડી જાય છે. જો બે દેશોના સંબંધો ત્યાંના રાજનેતાઓની બોડીલેન્ગ્વેજ પરથી પરખાઇ શકતા હોય તો અંગત સંબંધમાં તો એનું કેટલું બધું મહત્વ હોવાનું? શું તમે ક્યારેય વિચાર્યું છે કે પરિવારના સદસ્યો વચ્ચેની આત્મીયતા તેમની એકમેકને ગ્રીટ કરવાની ચેષ્ટા પરથીયે ખબર પડી શકે?

જાતીય આકર્ષણથી છલકતાં ટીનેજર્સ અને પ્રેમી યુગલો સિવાય પ્રેમભર્યા આલિંગનની બહુ ખાસ કદર આપણે કરતા નથી. અહીં એક ક્ષણનો વિરામ લઇને જરાક વિચારી જુઓ કે તમે છેલ્લે ક્યારે તમારા પાર્ટનરને તસતસતું આલિંગન આપેલું? જાતીય આવેગ દરમ્યાન એવું થાય એ સ્વાભાવિક છે, પણ નોર્મલ રૂટીન જિંદગીમાં તમે ક્યારે આલિંગન આપ્યું? નવાંનવાં લગ્ન થયાં હોય ત્યારની વાત જુદી છે, પણ પાંચ-સાત વર્ષના લગ્નજીવન પછી ઓફિસ જતાં પહેલાં પત્નીને ભેટીને જવાનું કેટલા પતિદેવો ચાલુ રાખતા હશે?



પોતાની પત્ની કોઇ વાત સમજતી જ નથી અને ચીડચીડ જ રહે છે એવી ફરિયાદ લઇને આવેલા મારા એક મિત્રની આખી વાત સાંભળ્યા પછી જયારે મેં તેને પૂછ્યું કે તારી પત્ની ખૂબ ગુસ્સે ભરાઇને ફરિયાદો કરતી હોય અને આંસુડાં સારતી હોય ત્યારે તું શું કરે છે? તો કહે, 'એમાં આપણે વળી શું કરી શકીએ? ચૂપચાપ સાંભળ્યેરાખવાનું. આમેય તેને માત્ર ફરિયાદ જ કરવી હોય છે. તેને હું કોઇ ઉકેલ સૂચવું એની જરૂર તો હોતી જ નથી.

મેં તેને કહેલું કે હવે નેક્સ્ટ ટાઇમ જયારે તે અકળાયેલી હોય ત્યારે તેને આલિંગનમાં લઇને તું તેને સમજે છે એવું જતાવજે. જયારે થોડાક દિવસ પછી મિત્ર આવ્યો ત્યારે તેણે કહ્યું, 'ઘરમાં ઘટતી ઘટનાઓ અને સમસ્યાઓ એવી ને એવી જ છે, છતાં આલિંગન પછી તેની ફરિયાદો શાંત થઇ જાય છે.

જીવનમાં સમસ્યાઓ તો આવવાની જ, પણ કોઇકનો સાથ હોવાની અનુભૂતિ એ સમસ્યાઓથી તમને વિચલિત કરતાં રોકે છે. પોતીકી વ્યક્તિનું આલિંગન સાથે હોવાની શ્રેષ્ઠ અનુભૂતિ કરાવે છે. જોકે મેચ્યોરિટીના નામે આપણે પ્રેમની અભિવ્યક્તિને વેવલી માનવા લાગીએ છીએ અને વિચારીએ છીએ કે હવે દસ વર્ષનાં લગ્ન પછી શું વારંવાર પ્રેમ જતાવવા ભેટ્યા કરવાનું? હું માનું છું કે વિના કોઇ કારણે ભેટવું કે પરસ્પરનો પ્રેમાળ સ્પર્શ કરવો એ બન્ને વ્યક્તિના અંતરને સમૃદ્ધ કરનારો અનુભવ છે. જયાં એ સ્પર્શની તંગી હોય છે ત્યાં પ્રેમની નદીનું પાણી પણ સુકાવા લાગે છે. માણસમાત્ર પ્રેમનો ભૂખ્યો હોય છે અને જો તેને પ્રેમ મળતો હોય તો તે પોતાની જાતને સામેવાળા સામે ન્યોછાવર કરવા તૈયાર થઇ જાય છે. પ્રેમભર્યા આલિંગનથી શરીરમાં ફીલગુડ એનર્જીનો સંચાર થાય છે. નવાઇની વાત એ છે કે આ એક ચીજ એવી છે જેમાં તમે જેટલું આપો છો એટલું જ તમને પાછું મળે છે. પશ્ચિમના મનોચિકિત્સકોએ ભેટવાથી શરીરમાં થતા બદલાવોને સાયન્ટિફિકલી પુરવાર કર્યા છે.

એક વાત યાદ રહે. અહીં માત્ર રોમેન્ટિક આલિંગનની જ વાત નથી થઇ રહી. અહીં ઇન જનરલ હૂંફનું આદાનપ્રદાન કરતી ચેષ્ટાની વાત છે, જે વાત આપણે નવજાત શિશુના કિસ્સામાં બહુ સહજતાથી સમજી જઇએ છીએ. કોઇ પણ કારણસર હીબકે ચડેલા બાળકને આપણે બહુ સ્વાભાવિકપણે જ છાતીસરસું ચાંપીને શાંત રાખવાની કોશિશ કરીએ છીએ. એવા સમયે ગેસ થવાને કારણે પેટમાં ચૂંક આવતી હોય તોય માત્ર માના આલિંગનથી બાળક થોડીક વાર માટે શાંત થઇ જાય છે.

સંજય દત્તની 'મુન્નાભાઇ એમબીબીએસ ફિલ્મમાં ભલે ઝપ્પી બાબતે થોડીક અતિશયોક્તિભરી વાત રજૂ થયેલી, પણ પ્રેમાળ ઝપ્પીમાં જાદુ તો છે જ. આ વાત અમેરિકાની યુનિવર્સિટી ઓફ નોર્થ કેરોલિનાના રિસર્ચરોએ એક અભ્યાસમાં પુરવાર કરી છે. ઝડપી હાર્ટરેટ અને નોર્મલ કરતાં સહેજ વધુ બ્લડપ્રેશર ધરાવતા દરદીઓને તેમના પાર્ટનર તરફથી નિયમિત પ્રેમાળ ઝપ્પી આપવાથી તેમના ઉપરોક્ત બન્ને પેરામીટરમાં નોંધનીય ઘટાડો કોઇ પણ દવા વિના જ જોવા મળ્યો હતો. પશ્ચિમના સાઇકોલોજિસ્ટ્સ હગિંગ થેરપીનો પ્રયોગ અસરકારતાપૂર્વક કરી રહ્યા છે અને એટલે જ ત્યાંના કલ્ચરમાં એકમેકને મળીને ગ્રીટ કરતી વખતે ગળે મળવાની પ્રથા વણાઇ ગઇ છે.

બ્રિટિશ મનોચિકિત્સકોનું કહેવું છે કે પ્રેમાળ આલિંગન એ માણસની વિકાસપ્રક્રિયાનો ખૂબ જ મહત્વનો ભાગ છે. બાળપણથી લઇને જીવનના દરેક તબક્કે એની જરૂર છે. ભારતીય સંસ્કૃતિમાં ભેટવું, આલિંગન આપવું જેવી બાબતો સેક્સ્યુઅલ બાબતો સાથે જોડી દેવામાં આવી છે; પણ હકીકત સાવ જુદી છે. આલિંગનની ઝંખના દરેકને હોય છે અને એ જાતીય સુખની બાબતથી ઘણી જ અલગ બાબત છે. ભેટવાથી શરીરમાં કેવાં પોઝિટિવ પરિવર્તનો થાય છે એ વિશે હવે બહુ ડા અભ્યાસો થઇ ચૂક્યા છે એટલે એ બાબતનો છોછ દૂર કરીશું તો અંગત સંબંધોની હૂંફની પ્રતીતિ સહજતાથી થઇ શકશે.

જેમ લાફ્ટર ઇઝ અ થેરપી છે એમ આલિંગન પણ એક અદ્ભુત થેરપી છે. તમને આર્ય થશે, પણ મનુષ્યમાત્રને રોજનાં કેટલાં આલિંગનની જરૂર છે એ વિશે પણ અભ્યાસો થયા છે. આવતા અઠવાડિયે એ વિશે જોઇશું. ત્યાં સુધી આ વીકમાં પરિવારજનોને ઝપ્પી આપીને એનો જાદુ કેવો છે એનો ફસ્ટ્રહેન્ડ એક્સ્પીરિયન્સ કરી લો.

# ધર્મ જો વિજ્ઞાન વિનાનો હશે તો એની પાસે આંખ હશે, પરંતુ પાંખ નહીં હોય

આપણે જો ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય કરીશું તો એમાં વિજ્ઞાન અને ધર્મ બંનેને લાભ થશે. ધર્મ જો વિજ્ઞાન વિનાનો હશે તો એની પાસે આંખ હશે પરંતુ પાંખ નહીં હોય. જો વિજ્ઞાન પાસે ધર્મની આંખ નહીં હોય તો તે દિશાશૂન્ય થઇ જશે, તેથી વિકાસ ઓછો અને વિનાશ વધારે થશે. વિજ્ઞાન અને ધર્મનાં સમન્વયથી સંપૂર્ણ સ્વસ્થ મનુષ્યનું નિર્માણ સંભવ બનશે. આપણાં ધર્મમાં તમને વિજ્ઞાનનો વિરોધ થતો ક્યાંય જોવા નહીં મળે. વિજ્ઞાન અને ધર્મનાં સમન્વયવાળી વિચારધારાનાં પરિણામે આર્યભટ્ટ જેવા વૈજ્ઞાનિક આચાર્ય ભારતમાં પેદા થયા છે. વિજ્ઞાનનાં ક્ષેત્રમાં આપણાં ઋષિમુનિઓએ જે શોધ કરી હતી, તે ધર્મના માધ્યમથી જ પ્રચલિત થઇ હતી.

આજે ધર્મનું જે રૂપ જોવા મળે છે, તે થોડું વિચિત્ર લાગે છે. આપણાં બાળકો જયારે તીર્થયાત્રાએ જાય છે, ત્યારે કેટલાક સ્થળોએ સ્વચ્છતા જોવા મળતી નથી. બલકે એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે આપણે આપણાં તીર્થસ્થળોને સ્વચ્છ રાખ્યા નથી. જો આપણે ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય કરીશું તો તેનાથી વિજ્ઞાન અને ધર્મને બંનેને લાભ થશે. સાંદિપની મંદિર વિજ્ઞાન અને ધર્મનાં સમન્વયનું એક પ્લેટફોર્મ બને, ધર્મ અને વિજ્ઞાનના સમન્વય દ્વારા એક મૂલ્યનિષ્ઠ સમાજનું નિર્માણ થાય એવી ઇચ્છા છે. સાંદીપનિ વિદ્યાનિકેતન શિક્ષણને કેન્દ્રમાં રાખીને કાર્ય કરી રહ્યું છે. તેમાં આપણે અધ્યાત્મને જોડી રહ્યા છીએ કેમકે વર્તમાનયુગમાં શિક્ષણનો મહિમા સર્વોચ્ચ છે અને કેળવણી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ આપણી સંસ્કૃતિ, આપણાં મૂલ્યો અને આપણો જે વારસો છે, તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી જાણે, સમજે એવા ઉદ્દેશ્ય સાંદીપનિ મંદિરની સાથે સાંદીપનિ સાયન્સ ગેલેરી ઉપર પણ એટલું જ મહત્ત્વ આપ્યું છે. કે જેનાથી આપણાં ભારતીય ઋષિમુનિઓએ વિજ્ઞાનનાં ક્ષેત્રમાં જે કાર્ય કર્યુ છે, તેને જોવા જાણવાનો મોકો, આ પ્રદર્શનીના માધ્યમથી આપણી યુવા પેઢીને મળે અને વિજ્ઞાનને સમજવાની વિશાળ તક તેમને પ્રાપ્ત થાય.

એ જ રીતે એ મહત્ત્વની વાત છે કે વ્યક્તિ વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય તો સ્વીકારે જ સાથે જ માનવીય મૂલ્યોને પણ ભૂલે નહીં. વ્યક્તિએ વ્યક્તિને પ્રેમ કરવો જોઇએ. એક મનુષ્ય, બીજા મનુષ્યને માત્ર ઉપયોગીતાની નજરે જોવા માંડે તો એ બરાબર નથી. એટલા માટે આપણે આપણી ઉપયોગિતા સાબિત કરવી પડશે. ઉપયોગી થવા માટે માત્ર ત્રણ ગુણ આત્મસાત્ કરવા જેવા છે.

**૧. પ્રેમ** : પ્રેમ દ્વારા પ્રભુને ઉપયોગી થઇએ.

**૨. ત્યાગ** : ત્યાગ દ્વારા આપણે આપણને ઉપયોગી બની શકીએ છીએ.

**૩. સેવા** : સેવા દ્વારા આપણે સંસારને ઉપયોગી થઇ શકીએ. જો આપણે પ્રેમી બનીશું તો ત્યાગી બની શકીશું. જો આપણે પ્રેમી અને ત્યાગી બંને ગુણો અપનાવીશું તો આપોઆપ સેવક બનતા વાર નહીં લાગે. જો આપણા જીવનમાં આ ત્રણ ગુણો આત્મસાત્ કરી શકીશું તો જીવન સફળ થઇ જશે.

તાત્પર્ય એ છે કે આપણે બીજાને માટે પણ કંઇક વિચારીએ. કંઇક તેઓને આપી શકીએ. બીજાને માટે આપણે શું કરવું જોઇએ? એવું વિચારવાને બદલે આપણે બીજા માટે શું કરી શકીએ છીએ? તેનો વિચાર કરવો જોઇએ. આપણે પોતાના વિશે વિચારીએ છીએ, બીજાના વિશે ક્યારેય વિચારતા નથી. પતિ વિચારે છે કે મારી પત્નીએ આમ કરવું જોઇએ, તેમ કરવું જોઇએ. જયારે પત્ની વિચારે છે કે પતિએ મારા માટે આ કરવું જોઇએ, તે કરવું જોઇએ. આપણા વિશે વિચારવાના બદલે જો આપણે બીજા વિશે વિચારવાનું શરૂ કરી દઇએ

## વિદ્યાર્થીઓ આપણી સંસ્કૃતિ, આપણાં મૂલ્યો અને આપણો જે વારસો છે, તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી જાણે

# ૨૦૧૦માં 'એ+ગ્રેડની માત્ર પાંચ શાળાઓ જે ૨૦૧૭માં ૨૧૧૪ થઈ ગઈ

રાજય સરકારે શાળાઓ અને વિદ્યાર્થીઓના સ્તરમાં સુધારો લાવવા માટે વર્ષ ૨૦૧૦થી ગુણોત્સવ નામના કાર્યક્રમની શરૂઆત કરી હતી. અત્યાર સુધીમાં છ ગુણોત્સવ થઈ ગયા છે અને ગત જાન્યુઆરીમાં ' ગુણોત્સવ૭ કરાયો હતો. જેના પરિણામ આજે પ્રાપ્ત થયા બાદ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેની સત્તાવાર જાહેરાત કરી હતી. આ પરિણામ રાજય સરકાર અને રાજય માટે ઉત્સાહજનક જણાયા છે. પ્રથમ ગુણોત્સવ વખતે ' ગ્રેડએ+હેઠળ માત્ર પાંચ શાળાનો સમાવેશ થયો હતો. તે સંખ્યા આ વખતે ગુણોત્સવ૭માં વધીને ૨૧૧૪ જેટલી થઈ ગઈ છે. જયારે ડી ગ્રેડની શાળાઓમાં ધરખમ ઘટાડો નોંધાયો છે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, 'એ ગ્રેડની શાળાઓ ૨૬૫ હતી, તે વધીને હવે, ૧૭,૬૩૫ થઈ છે. જયારે 'બી ગ્રેડની શાળાઓ સંખ્યા ૩૮૨૩થી વધીને ૧૨,૫૨૭ સુધી પહોંચી છે. એનો અર્થ એ થયો કે, રાજયમાં 'એ+, 'એ, 'બીની શાળાઓની સંખ્યા કે જે અગાઉ સાવસામાન્ય એટલે કે ઓછી હતી, તે વધી છે. અર્થાત રાજયમાં શિક્ષણના સ્તરમાં સુધારો થયો છે. જયારે બીજીબાજુ ગુણોત્સવ૧ વખતે 'સી ગ્રેડની શાળાઓની સંખ્યા ૧૨,૮૮૭ હતી, તે હવે ઘટીને માત્ર ૧૫૯૦ સુધી પહોંચી ગઈ છે એટલે કે, સી ગ્રેડની શાળાઓ ઓછી થઈ છે. 'ડીગ્રેડની શાળાઓ ગુણોત્સવ૧ વખતે ૧૪,૫૮૨ હતી એટલે કે, ૨૦૧૦ના વર્ષમાં રાજયની ૧૪,૫૮૨ શાળાઓનું પરિણામ ૪૮ ટકાથી વધતું ન હતું. તે સંખ્યા પણ ગુણોત્સવ૭માં ઘટીને માત્ર ૩૭૨ રહી ગઈ છે. આમ, રાજયમાં એ+, એ, બી ગ્રેડની શાળાઓની સંખ્યામાં વધારો અને સીડી ગ્રેડની શાળાઓની સંખ્યામાં ઘટાડો થયો છે.

શિક્ષણમંત્રીના કહેવા મુજબ, ગુણોત્સવ૭ દરમિયાન, રાજયની ૩૪,૨૩૮ શાળાઓનું મૂલ્યાંકન કરાયું હતું. એમાં ૧૧,૫૩૨ પ્રાથમિક શાળામાં બાહ્ય અને ૨૨,૭૦૬ પ્રાથમિક શાળાઓનું સ્વમૂલ્યાંકન કરાયું હતું. શાળાને ગ્રેડ કેવી રીતે અપાય છે ? ગ્રેડ માપદંડ એ + ૮૮ ટકાથી વધુ ગુણ એ ૭૫થી ૮૭ ટકા ગુણ બી ૬૨થી ૭૪ ટકા ગુણ સી ૪૯થી ૬૧ ટકા ગુણ ડી ૪૮ ટકા સુધી ગુણ ગુણોત્સવનું પરિણામ શું આવ્યું ? ગ્રેડ ગુણોત્સવ૬ ગુણોત્સવ૭ (શાળાઓ) (શાળાઓ) એ+ ૧૯૬૦ ૨૧૧૪ એ ૧૬,૯૦૮ ૧૭,૬૩૫ બી ૧૨,૬૦૫ ૧૨,૫૨૭ સી ૨૦૦૨ ૧૫૯૦ ડી ૭૬૪ ૩૭૨

## ગુણોત્સવનો ચમત્કાર: એ+, એ, બી ગ્રેડની શાળાઓની સંખ્યા વધી, સીડી ગ્રેડની ઘટી

# વિવેકાનંદ કોલેજમાં અલુણા સ્પર્ધા અંતર્ગત મહેંદી કોમ્પિટિશન યોજાઇ



શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી વિવેકાનંદ કોલેજમાં વિતેલા પખવાડિયા દરમિયાન અલૂણા વ્રતોત્સવ નિમિત્તે મહેંદી ડિઝાઇન કોમ્પિટીશન યોજવામાં આવી હતી. કોલેજમાં અભ્યાસ કરતી યુવતિઓએ એક એકથી ચઢીયાતી ડિઝાઇનની મહેંદી મૂકીને તેમની પ્રતિભાનો પરીચય આપ્યો હતો. સંસ્થાના સંચાલકોએ વિદ્યાર્થિનીઓને બિરદાવી હતી.

# સંસ્કાર કુંજ જ્ઞાનપીઠ ખાતે ગુરુપૂર્ણિમા અવસરની હર્ષોલ્લાસભેર ઉજવણી



શહેરના નરથાણ ખાતે આવેલી સંસ્કાર કુંજ જ્ઞાનપીઠ શાળામાં સંસ્થાના સંચાલક શ્રી પરેશભાઇ પટેલ અને શ્રી પિયુષભાઇ પટેલના નેતૃત્વમાં ગુરૂપૂર્ણિમા અવસરની શિક્ષકો દ્વારા શાનદાર ઉજવણી કરાઇ હતી.

# ક્રિભકો સ્થિત સનફલાવર સ્કુલની મહેંદી સ્પર્ધા



હજીરા વિસ્તારમાં આવેલા ક્રિભકો ટાઉનશીપની સનફલાવર સ્કુલમાં અલુણા નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર મહેંદી સ્પર્ધામાં ભાગ લઈને પોતાની મહેંદી ટેલેન્ટના દર્શન આકર્ષક ડિઝાઇનની મહેંદી મૂકીને કરાવ્યા હતા.

# કોલેજમાં જ વિદ્યાર્થીઓના નામ મતદારયાદીમાં સામેલ કરાશે

ગુજરાતમાં ચાલુ વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવવાની છે. જેના કારણે કલેક્ટરની સૂચના પ્રમાણે દરેક કોલેજોમાં મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની કાર્યવાહી શરૂ કરવાનું નક્કી કરાયું છે. કોલેજોમાં અભ્યાસ કરતાં હોય અને જેમની ઉંમર તા.૧૧૧૭ના રોજ ૧૮ વર્ષ પૂરા થતાં હોય તેમની નામો મતદારયાદીમાં નોંધવા માટે કલેક્ટર દ્વારા ખાસ કોલેજોમાં વ્યવસ્થા ભી કરવામાં આવશે. આ માટે દરેક કોલેજના એક કર્મચારીને મતદારયાદી તૈયાર કરવાની ખાસ તાલીમ આપવામાં આવશે. સામાન્ય રીતે ૧૮ વર્ષની ઉંમર થાય પછી જે તે વ્યક્તિએ મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની પ્રક્રિયા કરવાની હોય છે. કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આવી કોઈ કાર્યવાહી કરવા માટે બહાર ન જવું પડે તે માટે દરેક કોલેજમાં જ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ માટે દરેક કોલેજમાં કેમ્પસ એમ્બેસેડરની નિમણૂક કરવામાં આવશે. કેમ્પસ એમ્બેસેડરે કેવા પ્રકારની કામગીરી કરવી તેની તાલીમ પણ આપવામાં આવશે. દરેક કોલેજોએ પોતાના વિદ્યાર્થીઓ પૈકી કયા વિદ્યાર્થીઓ જાન્યુઆરી ૧૭ સુધીમાં ૧૮ વર્ષ પુરા કર્યા છે તેની નોંધ રાખીને મતદારયાદીમાં નામ નોંધાવવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. કલેક્ટર દ્વારા અપાયેલી સૂચના પછી યુનિવર્સિટી દ્વારા દરેક કોલેજોને મતદારયાદીમાં લાયક વિદ્યાર્થીઓના નામ નોંધવાની સૂચના આપી દેવામાં આવી છે.

email : shikshansarvada@gmail.com

# ૧૬ થી ૩૧ જુલાઈ ૨૦૧૭

FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE

શિક્ષણ સર્વદા

its all about EDUCATION

શિક્ષણ સર્વદા બ્રાંચ ઓફિસ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. મો. : ૦૯૮૨૫૩ ૪૪૯૪૪

કતારગામ બ્રાંચ : બ્રિલીયન્ટ વિદ્યાલય, ભુમિપુજા સોસાયટી, ગોવિંદજી હોલની બાજુમાં, ડભોલી રોડ, સુરત - ૩૯૫ ૦૦૪. ફોન : (૦૨૬૧) ૨૫૨૦૦૧૪

## અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર ટ્રસ્ટની

# દક્ષિણ ગુજરાતની સર્વપ્રથમ ઇંગ્લિશ આર્ટ્સ કોલેજ વિદ્યાર્થીઓને સમર્પિત

શિક્ષણ સર્વદા ન્યુઝ : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી શરૂ થઇ ત્યારથી અત્યાર સુધીમાં જેની સૌથી વધુ તાતી જરૂરીયાત હતી અને સાંપ્રત સમયમાં જ્યારે અધર ધેન ગુજરાત બોર્ડમાંથી ધો.૧૨ પાસ થતા વિદ્યાર્થીઓ કે જેમણે બી.એ. ઇંગ્લિશ મિડીયમમાં અભ્યાસ કરવો હોય તેમના માટે આવા અભ્યાસની કોઇ જ તક ન હતી. સુરતમાં અત્યાર પર્યંત સ્કુલિંગ ક્ષેત્રે શાનદાર સંસ્થાઓ ચલાવી રહેલા અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર ટ્રસ્ટે આ વર્ષથી જ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ઇંગ્લિશ મિડીયમ બી.એ. (વીથ ઇકોનોમિક્સ એઝ અ પ્રિન્સિપાલ સબ્જેક્ટ) નામના અત્યંત મહત્વના અન્ડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમનો આરંભ કર્યો છે.

## વેસુ કેનાલ રોડ પર વિદ્યા વિહાર ઇંગ્લિશ મિડીયમ કોલેજમાં BA Economicsની સાથે B.Com. ઇંગ્લિશ મિડીયમ તેમજ BBA ઇંગ્લિશ મિડીયમ કોર્ષ પણ શરૂ કરવામાં આવ્યા

આ કોર્સની મહત્વતા અનેક રીતે છે. ઇંગ્લિશ મિડીયમમાં આર્ટસ ગ્રેજ્યુએશન તો થાય જ પરંતુ સાથે સાથે સિવિલ સર્વિસીઝની સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેમકે યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) ઉપરાંત જી.પી.એસ.સી., રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સ્ટાફ સિલેકશન કમિશન વગેરેની તૈયારી માટે આ અભ્યાસક્રમને અત્યંત શુટેબલ માનવામાં આવે છે.

**બી.એ. વીથ ઇકોનોમિક્સ કેમ યોગ્ય?**

સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લિશ મિડીયમ કોલેજમાં શરૂ કરવામાં આવેલો બી..એ. ઇંગ્લિશ મિડીયમ અભ્યાસક્રમ એટલા માટે યથાયોગ્ય છે કેમકે તેમાં અર્થશાસ્ત્ર પ્રિન્સિપાલ સબજેક્ટ તરીકે છે અને તેની સાથેની વિષય શ્રેણી ચકાસીએ તો તેમાં લેંગ્વેજ થ્રુ ઇંગ્લિશ લિટરેચર, એન્વાટરન્મેન્ટલ સ્ટડીઝ, સ્ટેટેસ્ટીક્સ અને સબ્સીડયરી વિષય તરીકે ઇતિહાસ પણ રાખી શકાય. આ તમામ વિષયો સિવિલ સર્વિસીઝની પરીક્ષામાં પણ રાખી શકાય છે એટલે જે વિદ્યાર્થીઓ આર્ટસ ગ્રેજ્યુએશન અહીંથી પુરુષાર્થ સાથે કરશે તેમના માટે એક પ્રકારે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું પ્લેટફોર્મ ઉભું થઇ જશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગત વર્ષથી I.P.S./I.R.S. વિગેરેના ગ્રેજ્યુએશન બાદમાં કોર્ષીસ શરૂ કર્યા હોય, બી.એ. ઇંગ્લીશ મિડીયમમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થી માટે પ્રવેશ અને અભ્યાસક્રમ સરળ બનશે.

**એમ.કોમ. ઇકોનોમિક્સમાં પ્રવેશ પાત્ર**

અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લિશ મિડીયમ કોલેજમાં શરૂ કરવામાં આવેલા બી..એ. વીથ ઇકોનોમિક્સ ઇંગ્લિશ મિડીયમ અભ્યાસક્રમ પાસ કરનાર વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એમ.કોમ. ઇકોનોમિક્સ અભ્યાસક્રમમમાં પ્રવેશપાત્ર ગણવામાં આવશે. આ કોર્સની સૌથી મહત્વની ઉપલબ્ધી જ એ છે કે એમ.એ. ઇકોનોમિક્સ ઉપરાંત એમ.કોમ. ઇકોનોમિક્સ વિષયમાં પણ પ્રવેશપાત્રતા મળી રહે છે.

### વિશેષતાઓ

**૧) આફ્ટર નુન કોલેજ જેનો સમય બપોરે ૩ કલાકથી રહેશે**

**૨) આઇ.એ.એસ. આઇ.પી.એસ. જેવા અભ્યાસક્રમોની પૂર્વતૈયારી રૂપ અભ્યાસક્રમ**

**૩) આર્ટસ અને કોમર્સના વિદ્યાર્થીઓ માટે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમનો વિકલ્પ**

**૪) એવી પહેલી આર્ટસ કોલેજ હશે જે કેમ્પસ પ્લેશમેન્ટ માટે પ્રયાસો કરશે**

**૫) ચુનંદા ફેકલ્ટીઝની પસંદગી, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધશે**

### CA, CS, CMA જેવી ડ્યુઅલ ડિગ્રી કરતા વિદ્યાર્થીઓ માટે અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર કોલેજ સૌથી વધુ યોગ્ય

ધો.૧૨ પછી ચાર્ટર્ડ અકાઉન્ટન્સી, કંપની સેક્રેટરી, કોસ્ટ અકાઉન્ટન્સી, એક્ચ્યુરીયલ સાયન્સ જેવા કોરસપોન્ડન્સ અભ્યાસક્રમોની સાથે રેગ્યુલર સ્ટડીઝમાં ગ્રેજ્યુએશન કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે તો અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર ઇંગ્લિશ મિડીયમ કોલેજ જેવો કોઇ વિકલ્પ બીજો ન હોઇ શકે. કેમકે આ કોલેજના ટાઇમિંગ્સ બપોરે ૩ કલાકથી શરૂ થાય છે. દક્ષિણ ગુજરાતની પહેલી કોલેજ હશે જે પૂર્ણ રુપથી આફ્ટર નુન કોલેજ છે. બપોરે ત્રણ વાગ્યાથી કોલેજ શરૂ થતી હોઇ, વિદ્યાર્થીઓ સવારના સેશનમાં તેમના સી.એ. સી.એસ., સી.એમ.એ. જેવા સ્ટડીઝને સમય અને ન્યાય બન્ને આપી શકશે.

## Education for Allને ચરિતાર્થ કરીએ છીએ: પ્રમોદ ચૌધરી



સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આવેલી સેન્ટ્રલ બોર્ડ, આઇ.સી.એસ.ઇ. બોર્ડ, આઇ.બી.બોર્ડ કે ગુજરાત બોર્ડની ઇંગ્લિશ મિડીયમ સ્કુલોમાંથી ધો.૧૨ પાસ કરતા વિદ્યાર્થીઓ માટે સર્વપ્રથમ વખત ઇંગ્લિશ મિડીયમમાં બી.એ. કોર્સ શરૂ કરનાર અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર ટ્રસ્ટના પ્રેસિડેન્ટ શ્રી પ્રમોદ ચૌધરીએ જણાવ્યું હતું કે અમે 'એજ્યુકેશન ફોર ઓલ'ના કન્સેપ્ટને ચરિતાર્થ કરવા માટે હરહંમેશ પ્રયત્નશીલ રહ્યા છીએ અને સતત રહીશું. સ્કુલિંગ બાદ હાયર એજ્યુકેશન ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવવા માટે અમે કટિબદ્ધ છીએ અને ફર્સ્ટ ફેઝમાં ઇંગ્લિશ મિડીયમ બી.એ. વીથ ઇકોનોમિક્સ, બી.બી.એ. અને બી.કોમ. અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા છે.

શ્રી પ્રમોદ ચૌધરીએ કહ્યું કે ઇંગ્લિશ મિડીયમ બી.એ. વીર નર્મદ દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમ વખત ઉપલબ્ધ બનાવાયો છે. આ કોર્સની ડિઝાઇન અને સ્ટ્રક્ચર એવી રીતે કરવામાં આવ્યા છે કે ગ્રેજ્યુએશન બાદ વિદ્યાર્થીઓ સિવિલ સર્વિસીઝની યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી આઇ.એ.એસ., આઇ.પી.એસ., આઇ.આઇ.આર.એસ. જેવી વિવિધ પરીક્ષાઓ જુદા જુદા રાજ્યોના સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા લેવાતી પરીક્ષાઓ, જુદા જુદા રાજ્યોના પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વતૈયારી આપોઆપ કરી શકે.

## Benefits of an Economics Degree

If you make a point of keeping up to date with current events around the globe and love anything to do with startups, businesses, or economics, it is probably a good idea to look into an economics degree to enhance your future with an economics career. There are numerous career options for economics majors students.

At its heart, economics is a human-oriented subject, though it may look to be all about money on the surface. Economics can, in fact, be defined as the study of how people allocate and utilise resources on an individual and collective basis. This human-centric element renders the Economics major courses available very wide-ranging, indeed. There are many different ways to approach this diverse subject and a host of advantages of studying economics. In fact, there are both Bachelor of Arts and Bachelor of Science degrees available for undergraduates pursuing Economics major courses.

# अर्थशास्त्र में कॅरियर की संभावनायें

देश की सम्पूर्ण व्यवस्थाओं का आधार अर्थशास्त्र या उस देश की अर्थव्यवस्था होती है। माना जाता है कि मुद्रा एक धुरी होती है, जिसके आसपास सारी व्यवस्थायें घूमती रहती हैं। वास्तव में अर्थशास्त्र एक ऐसा विषय है, जो किसी भी देश के विभिन्न साधनों और सेवाओं के उत्पादन, वितरण, उपभोग का अध्ययन करता है। इस तंत्र में पूंजीपति, साम्यवादी तथा समाजवादी लोग सम्मिलित होते हैं। अर्थव्यवस्था संबंधी ज्ञान का उपयोग करके व्यापारी, सरकार उनके विभाग उन्नति शक्य हैं।

आज अर्थशास्त्र के क्षेत्र में भी काफी आकर्षक पैकेज वाला कॅरियर बनाया जा सकता है। भारत में तथा सम्पूर्ण विश्व में बढ़ते हुए निवेशों तथा मांग के कारण वित्त के क्षेत्रों की जानकारी रखने वाले विशेषज्ञों की मांग बढ़ती जा रही है। अर्थशास्त्र में कॅरियर दो प्रकार से बनाया जा सकता है। स्नातक करने के तुरन्त पश्चात, नौकरी प्राप्त करके या विशिष्टीकरण प्राप्त करके। अर्थशास्त्र में १२वीं के पश्चात ग्रेजुएशन किया जा सकता है। इसके पश्चात आप बैंक, बीमा, वित्त, निजी कंपनियों में नौकरी प्राप्त कर सकते हैं। कई कम्पनियाँ अर्थशास्त्र ग्रेजुएट को प्राथमिकता से नौकरी देती हैं। इस क्षेत्र में आगे अलग-अलग क्षेत्र निकलकर आते हैं, यह छात्र पर निर्भर करता है कि वह किस क्षेत्र का विशेषज्ञ बनना चाहता है। विशिष्ट क्षेत्रों में निम्न क्षेत्र आते हैं।

**(१) सिविल सेवा, IAS, IPS, आर्थिक सेवा व अन्य सेवायें** - अन्य विषयों के समान अर्थशास्त्र के छात्र भी सिविल सेवा तथा अन्य सेवाओं में रोजगार प्राप्त कर सकते हैं। आर्थिक सेवा में केवल अर्थशास्त्र विषय के स्नातक ही भाग ले सकते हैं। सिविल सेवा में अर्थशास्त्र विषय के छात्रों को काफी संभावनायें होती हैं। मुख्य परीक्षा में भी एक पूरा पेपर अर्थशास्त्र पर आधारित है।

**(२) बिजनेस अर्थशास्त्री** - ये लोग सामान्य व्यापारिक परिस्थितिया, राष्ट्रीय और अंतर्राष्ट्रीय व्यापार नीतियों सरकारी अधिनियम आदि का अध्ययन करते हैं।

**(३) एग्रीकल्चर इकानॉमिक्सट** - कृषि व्यवस्था का विश्लेषण करते हैं।

**(४) फाइनेंशियल इकानॉमिक्सट** - पैसों की मात्रा, उधार और क्रय के बीच संबंधों का ये अध्ययन करते हैं। ताकि वित्तीय नीतियों का विकास और पूर्वानुमान लगाया जा सके।

**(५) शिक्षक** - विद्यालय स्तर पर बी.एड. करने के उपरांत अर्थशास्त्र विषय के विद्वान शिक्षक बन सकते हैं। निजी विद्यालयों में अंग्रेजी के बाद इसी विषय की ज्यादा मांग है।

**(६) प्राध्यापक** - पी.एचडी. तथा नेट/स्लेट की परीक्षा पास करने के उपरांत अर्थशास्त्र विषय के प्राध्यापक का पद प्राप्त किया जा सकता है। प्राध्यापक को आकर्षक वेतन व भत्ते तथा सम्मान प्राप्त होता है।

**(७) अनुसंधान अर्थशास्त्री** - अगर आपकी रुचि नौकरी करने में नहीं है तो आप अनुसंधान या शोध कार्य करके भी प्रतिष्ठा प्राप्त कर सकते हैं। स्नातकोत्तर डिग्री करने के उपरांत शोध किया जा सकता है। इसमें डिग्री प्राप्त करने में दो वर्ष का समय लगता है। शोध कार्य हेतु विभिन्न संस्थायें अनुदान-फैलोशिप प्रदान करती हैं, जिनका विवरण वेबसाइट पर देखा जा सकता है। ये सभी संस्थायें महिलाओं को शोध हेतु प्रोत्साहित करती हैं।

**(८) औद्योगिक अर्थशास्त्री** - उद्योगों में तथ्यों के आकलन व मांग के विश्लेषण हेतु इनकी मांग है।

**(९) अंतर्राष्ट्रीय अर्थशास्त्री** - ये लोग व्यापार विशेष रूप से विदेशी व्यापार का अध्ययन करते हैं। विश्व बैंक, अंतर्राष्ट्रीय मुद्रा कोष, संयुक्त राष्ट्र विकास संघ आदि में नौकरी के अच्छे अवसर इनको प्राप्त हो सकते हैं। जैसे-जैसे कंपनियाँ पूरे विश्व में फैल रही हैं और विभिन्न देश उनके लिये अपने दरवाजे खोल रहे हैं। वैसे-वैसे इन अर्थशिास्त्रयों की मांग बढ़ रही है। बहुत सी कंपनिया हैं, जो अर्थशिास्त्रयों को अंतर्राष्ट्रीय स्तर पर काम देती हैं।

**(१०) समाचार-पत्र, पत्रकिाओं में लेखन** - व्यापार पर आधारित पत्र-पित्रकाओं में लेखन के अछे अवसर मिलते हैं। इस हेतु आपमें विश्लेषक के गुण होने चाहिए। इसमें सांख्यिकी तकनीकों का उपयोग होता है। लेखन ऐसा होना चाहिए कि अर्थशास्त्र नहीं जानने वाले को भी समझ में आ जाये।

**(११) अर्थशास्त्र विद लॉ** - अगर आपने दोनों विषयों में पढ़ाई की है तो आप लॉ फर्म ज्वाइन कर सकते हैं। आज के दौर में तमाम कंपनियों में विलय और अधिग्रहण का दौर चल रहा है, ऐसे कामों को सम्हालने के लिये आपको बी.ए., एल.एल.बी. का कोर्स विधि विश्वविद्यालयों से करना होगा।

**(१२) रिसर्च अर्थशास्त्री** - ये लोग व्यापार चक्र को समझने, उसकी व्याख्या के लिये, बेरोजगारी, कर नीतियों के प्रभाव आदि का अध्ययन करते हैं।

वास्तव में इस विषय पर अपना कॅरियर बनाने पर विचार करते समय आपको यह बात ध्यान रखना होगी कि विश्लेषण करने में आप दूसरों से बेहतर होना जरूरी है।

**SHIKSHAN SARVADA : Year : 10, Issue: 257,** Owner, Publisher & Printer : Ashok Randeria has published from 101, Rudraksh Residency, Opp. Janki Row House, Near Jalarambapa Temple, L.P. Savani School Road, Adajan, SURAT. Ph : 0261-2747440 and printed at Jagdish Printers, 10/537, Narayan Krupa apartment, Gajjar Sheri, Opp. B.O.B., Soni Falia Main Road, SURAT. RNI Regn. No. GUJ/2006/20048.